## હિદાયત:

# હઝરત અશ્મૂઈલ (અ.) અને હઝરત દાવૂદ (અ.)નો કિસ્સો

હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ وَالصَّلَاةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ

(ગતાંકનું ચાલુ)

**તાલૂત કોણ હતા?**

طالوت ایک بلند قامت اور خوبصورت مرد تھے۔

તે એક ઊંચા કદવાળા અને સુઘટિત શરીરવાળા અને સુંદર માણસ હતા.

وہ مضبوط اور قوی اعصاب کے مالک تھے۔ روحانی طور پر بھی بہت زیرک، دانشمند اور صاحب تدبیر تھے۔

રૂહાની મર્તબો પણ તેમના પાસે હતો.

بعض لوگوں نے ان کے نام 'طالوت' کو بھی ان کے طولانی قد کا سبب قرار دیا ہے۔

લાંબા કદને અરબીમાં તૂલાની કહેવાય. તૂલાની એટલે લાંબો. તો તૂલાની ઉપરથી તેમનું નામ તાલૂત પડેલું હતું આવું કેટલાક લોકો માને છે. એ એટલા ઊંચા કદના હતા.

ان تمام صفات کے باوجود وہ مشہور نہیں تھے۔

તેઓ આ બધી સિફતો રાખતા હતા, પરંતુ તેઓ મશહૂર ન હતા.

اپنے والد کے ساتھ دریا کے کنارے ایک بستی میں رہتے تھے۔

પોતાના પિતા સાથે દરિયાકિનારે રહેતા હતા. જ્યારે હું ઉર્દૂમાં 'દરિયા' પઢું, તો દરિયા ઉર્દૂમાં મોટી નદીને કહેવાય. આપણે કદાચ સમુદ્રને માની લઈએ તો સમુદ્ર નથી. એ મીઠા પાણીનો સ્ત્રોત હોય છે, ઉર્દૂનો દરિયા. ગુજરાતીનો દરિયા કેવો હોય છે એ તમે જાણો. ખારા પાણીનો હોય છે કે મીઠા પાણીનો? સારું. તો તેઓ નદીકિનારે રહેતા હતા, પોતાના પિતા સાથે.

والد کے چوپایوں کو چراتے اور زراعت کرتے تھے۔

પોતાના પિતાનાં ઢોર ચરાવતા હતા અને ખેતીવાડી કરતા હતા.

ایک دن کچھ جانور بیابان میں گم ہو گئے۔

તેમનાં ઢોર જંગલમાં ખોવાઈ ગયાં.

طالوت اپنے ایک دوست کے ساتھ ان کی تلاش میں کئی دن تک سر گرداں رہے۔

ઘણા દિવસો સુધી શોધતા રહ્યા.

انہیں ڈھونڈتے ڈھونڈتے وہ شہر 'صوف' کے قریب پہنچ گئے۔

'સૌફ' નામનું શહેર છે તેના નજીક પહોંચી ગયા.

છે, આ એ જ નવયુવાન છે.

طالوت نے اپنی کہانی سنائی تو اشموئیلؑ کہنے لگے:

જ્યારે તે ઢોર ખોવાઈ ગયાં છે એવી વાત તાલૂતે હઝરત અશ્મૂઈલ (અ.)ને કહી તો ફરમાવ્યું:

''وہ چوپائے تو اس وقت تمہاری بستی کی راہ پر ہیں

એ પાછાં તમારી વસ્તી તરફ આગળ વધી રહ્યાં છે, પાછાં આવી જશે.

اور تمہارے باپ کے باغ کی طرف جارہے ہیں۔

એ તમારા પિતાના ખેતર તરફ જ જઈ રહ્યાં છે.

ان کے بارے میں فکر نہ کرو۔ میں تمہیں اس سے کہیں بڑے کام کے لئے دعوت دیتا ہوں۔

એની ચિંતા છોડો અને મારા કાર્ય તરફ ધ્યાન આપો, એનાથી મોટું કાર્ય હું તમને સોંપી રહ્યો છું.

خدا نے تمہیں بنی اسرائیل کی نجات کے لئے مامور کیا ہے۔''

તમારા વડે તો બની ઈસરાઈલનો છુટકારો થશે.

طالوت پہلے تو اس پروگرام پر حیران ہوئے اور پھر اسے سعادت سمجھتے ہوئے قبول کر لیا۔

પહેલાં તો આશ્ચર્યચકિત થઈ ગયા, પરંતુ પછી અલ્લાહ તરફથી સદ્નસીબ તેમને મળ્યું છે એમ માનીને સ્વીકારી લીધું.

اشموئیلؑ نے اپنی قوم سے کہا:

હવે તાલૂત મળી ગયા તો અશ્મૂઈલ (અ.)એ પોતાની કોમને સંબોધીને કહ્યું:

''خدا نے طالوت کو تمہاری قیادت سونپی ہے لہذا ضروری ہے کہ تم سب اس کی پیروی کرو۔''

ان کے دوست نے کہا: ''ہم تو اشموئیلؑ کے شہر صوف میں آپہنچے ہیں۔

તેમના દોસ્તે કહ્યું: આપણે અશ્મૂઈલ (અ.)ના શહેરમાં આવી ચૂકયા છીએ,

آئیے ان کے پاس چلتے ہیں۔

તો હવે એમની ઝિયારત શા માટે ન કરી લઈએ!

شاید وحی کے سائے میں اور ان کی رائے کی روشنی میں ہمیں کچھ پتہ چل سکے۔''

તો એમને જ પૂછી લઈએ, કે અમારાં ઢોર કયાં ચાલ્યાં ગયાં છે?

شہر میں داخل ہوئے تو حضرت اشموئیلؑ سے ملاقات ہوگئی۔

જેવા જ શહેરમાં દાખલ થયા — અલ્લાહની વહી હતી કે, નજીકના ભવિષ્યમાં તમે મળનારા જ છો, તો જેવા શહેરમાં દાખલ થયા — એવી જ મુલાકાત થઈ ગઈ.

جب اشموئیلؑ اور طالوت نے ایک دوسرے کو دیکھا تو گویا دل مل گئے۔

એટલે અલ્લાહ ઈચ્છતો હતો કે બન્ને સાથે થઈ જાય. એકબીજાને જોતાં જ બન્નેનાં દિલ મળી ગયાં.

اشموئیلؑ نے اسی لمحے طالوت کو پہچان لیا۔

ઓળખાણની જરૂર ન પડી, પરિચયની જરૂર ન પડી, જોતાં જ ઓળખી ગયા.

وہ جان گئے کہ یہ وہی نوجوان ہے جسے خدا نے ان لوگوں کی قیادت کے لئے منتخب کیا ہے۔

અલ્લાહે ફોજ જેના હાથમાં આપવાનું કહ્યું

અલ્લાહે તમારી સરદારી આ નવયુવાનને સોંપી છે, એટલે તમે તેની પૈરવી કરો.

اب اپنے تئیں دشمن سے مقابلے کے لئے تیاری کر لو۔

એટલે બની ઈસરાઈલે પોતે જ પહેલાં રજૂઆત કરી હતી કે, અમારે જિહાદ કરવો છે અને પોતાની સુરક્ષા પાછી પામવી છે, તો હઝરત અશ્મૂઈલ (અ.)એ દુઆ માગી હતી, અને દુઆ કબૂલ થઈ ત્યારે સમય આવ્યો તો અશ્મૂઈલ (અ.)એ તેમની કોમને કહ્યું કે, "હવે સમય આવી ગયો છે, તમે તૈયારી કરી લો જિહાદની."

بنی اسرائیل کے نزدیک تو حسب و نسب اور ثروت کے حوالے سے کئی خصوصیات فرمانروا کے لئے ضروری تھیں اور ان میں سے کوئی چیز بھی طالوت میں دکھائی نہ دیتی تھی۔ اس انتخاب و تقرر پر وہ بہت حیران و پریشان ہو گئے۔

બની ઈસરાઈલ માટે હસબનસબ – વંશાવલી કેવી છે એ જરૂરી હતું, પૈસેટકે કેવો છે એ જરૂરી હતું, એ બધી વાતો તાલૂતમાં તેઓ જોતા ન હતા. ગરીબ બાપની ઓલાદ હતા તાલૂત અને પૈસેટકે વધારે સુખી ન હતા, તો હવે આવો હુકમ આવ્યો કે, "આ તમારો સરદાર છે," તો તેઓ પરેશાન થઈ ગયા.

انہوں نے دیکھا کہ ان کے عقیدے کے برخلاف وہ نہ تو 'لاوی' کی اولاد میں سے تھے جن میں سے نبی ہوتے تھے،

બધા નબી બની ઈસરાઈલના 'લાવી' નામના માણસની ઓલાદમાંથી જ થતા હતા, પરંતુ તાલૂત એ માણસની ઓલાદમાંથી ન હતા,

نہ یوسفؑ اور یہودا کے خاندان سے تھے،

અને બીજા જે નબીઓની ઓલાદ હતી તે યૂસુફ (અ.) અને યહૂદા, એમના ખાનદાનમાંથી પણ ન હતા.

جو گذشتہ زمانے میں حکمرانی کرتے تھے، بلکہ ان کا تعلق تو بنیامین کے گمنام خاندان سے تھا اور پھر وہ مالی طور پر بھی تہی دست تھے۔

આ પણ નબીની ઓલાદમાંથી જ હતા, બિનયામીન. બિનયામીન આ પણ નબી છે, પરંતુ બની ઈસરાઈલે તે નબીની વંશાવલીને કદાચ હજી સુધી ઓળખી રાખી નહીં હોય, અને એટલા માટે તેઓ એતરાઝ કરતા હતા કે તાલૂત કઈ રીતે અમારા સરદાર થઈ શકે.

انہوں نے اعتراض کیا: ''وہ کیسے حکومت کر سکتا ہے جب کہ ہم اس سے زیادہ حقدار ہیں؟''

કોઈ સરદારીનો હક ધરાવે છે તો એ તો અમે છીએ, તાલૂત કઈ રીતે અમારો સરદાર થઈ શકે?

اشموئیلؑ کہتے تھے کہ یہ بہت اشتباہ کر رہے ہیں، کہنے لگے: ''انہیں خدا نے تم پر امیر مقرر کیا ہے، نیز قیادت کے لئے ان کی اہلیت اور لیاقت کی دلیل یہ ہے کہ وہ جسمانی طور پر زیادہ طاقتور ہیں اور روحانی طاقت میں بھی سب سے بڑھ کر ہیں۔ اس لحاظ سے وہ تم سب پر برتری رکھتے ہیں۔''

હઝરત અશ્મૂઈલ (અ.)એ કોમ સામે દલીલ કરી કે સૌથી મોટી વાત તો એ કે, અલ્લાહે તેમને તમારા ઉપર નિમણૂક કર્યા છે. બીજું એ કે સરદારી માટે તેઓ તમારા કરતાં વધારે લાયક છે, કારણ કે તેઓ શારીરિક શક્તિમાં તમારાથી વધારે છે,

બુદ્ધિમાં પણ તમારાથી વધારે છે, અને રૂહાની તાકાતમાં પણ તમારાથી વધારે છે. આ કારણે તેઓ ખરેખર તમારા સરદાર થવાના લાયક છે.

بنی اسرائیل نے خدا کی طرف سے اس کے تقرر کے لئے کسی نشانی یا علامت کا مطالبہ کر دیا۔

બની ઈસરાઈલે માંગણી કરી, કે અમને કોઈ નિશાની બતાવો કે જેથી અમે જાણી લઈએ કે, તાલૂતને ખરેખર અમારા સરદાર નિમાણૂક કરવામાં આવ્યા છે.

اس پر اشموئیلؑ بولے:

તેમણે કહ્યું:

”انبیاء بنی اسرائیل کی یادگار، تابوت (تابوت سکینہ) جو جنگ میں تمہارے لئے اطمینان اور ولولے کا باعث تھا تمہارے پاس لوٹ آئے گا،

જે તમે ખોઈ બેઠા છો 'તાબૂતે સકીના', તે તમારી પાસે પાછો આવી જશે. એટલે સમજી જજો કે આ મારી વાત સાચી છે.

اور اسے تمہارے آگے آگے چند فرشتوں نے اٹھا رکھا ہوگا۔“

કેટલાક ફરિશ્તાઓએ ઉઠાવેલો હશે અને એ તાબૂત તમારી પાસે પહોંચવાનો જ છે.

تھوڑی ہی دیر گزری تھی کہ صندوق عہد ان کے سامنے آ گیا۔ یہ نشانی دیکھ کر انہوں نے طالوت کی سربراہی قبول کر لی۔

હવે માની ગયા, થોડીક જ વારમાં તે તાબૂત તેમણે જોયો અને માની ગયા. (ક્રમશ:)




તંત્રી લેખ

# યઝીદની પોતાની બૈઅત માટેની માંગણી

મોમિન કાસિમભાઈ વિજાપુરા (મહેરપુરા)

હિ.સ. ૫૦માં જ્યારે ઈમામ હસન (અ.) ને ઝેર આપવામાં આવ્યું, ત્યારે તેમના નાના ભાઈ ઈમામ હુસૈન (અ.) ઉપર ઈમામત ફરજ બની ગઈ. એ વખતે રસૂલલ્લાહ (સ.)ના ખાનદાનનો કટ્ટર દુશ્મન મુઆવિયા ઈબ્ને અબૂ સુફ્યાન સમગ્ર મુસ્લિમ સામ્રાજ્યનો વાસ્તવિક રીતે શાસક હતો. મુઆવિયા કે જે ઈમામ હસન (અ.)ને ઝેર આપવા માટે કારણભૂત હતો, તેણે લોકોના માનવાધિકારોની અવહેલના કરવાનું ચાલુ રાખ્યું અને તેણે લોકોને ભયભીત કરવા માટે અપરાધીઓની ટોળકીઓને નોકરીમાં રાખી. ઈમામ હુસૈન (અ.) મુઆવિયાની સત્તાથી ગભરાતા ન હતા અને ખુલ્લંખુલ્લા તેને વખોડી કાઢતા હતા અને તેનાં કાર્યોની ટીકા કરતા રહેતા હતા.

હિ.સ.૬૦માં મદીનાના ગવર્નર વલીદને મુઆવિયાના મોતના સમાચાર પહોંચાડવામાં આવ્યા. મુઆવિયાનો દુષ્ટ દીકરો યઝીદ, કે જે તેના પછી ખલીફા બન્યો હતો, તેણે વલીદને ઈમામ હુસૈન (અ.) પાસેથી પોતાની બૈઅતની માંગણી કરતા હુકમો મોકલ્યા. હુકમોમાં લખ્યું હતું કે જો ઈમામ (અ.) બૈઅત કરવાનો ઈન્કાર કરે, તો તેમનું સર કાપીને યઝીદને દમિશ્કમાં મોકલવું.

યઝીદનો પત્ર મળતાંની સાથે જ વલીદે ઈમામ હુસૈન (અ.) પાસે તેને મળવાની વિનંતી કરવા માટે એક નોકરને મોકલ્યો. ઈમામ હુસૈન (અ.) કેટલાક હાશમી યુવાનો સાથે તેને મળવા માટે સરકારી બંગલે પહોંચ્યા. આપ (અ.)એ હાશમી યુવાનોને દરવાજા પાસે ઊભા રહેવાનું કહ્યું અને આપનો અવાજ ઊંચો થાય તો જ અંદર આવવાનું કહ્યું અને આપ (અ.) એકલા જ મહેલમાં દાખલ થયા.

વલીદ ઈમામ હુસૈન (અ.)ના મર્તબાથી પરિચિત હતો, તેથી તેણે આપ (અ.)ને માનપૂર્વક આવકાર્યા અને પોતાની બાજુમાં રાખેલી બેઠક પર બેસવાનું કહ્યું. ત્યાર પછી તેણે યઝીદ તરફથી આવેલો પત્ર વાંચી સંભળાવ્યો.

ઈમામ હુસૈન (અ.) મુસ્કુરાયા અને કહ્યું, “અય વલીદ! આવતી કાલે મદીનાના મુસ્લિમોને ભેગા કરો અને તેમને પૂછો કે શું મારે યઝીદની બૈઅત કરવી જોઈએ કે નહીં? ત્યાર પછી આપણે નક્કી કરીએ કે શું કરવું જોઈએ.”

વલીદે આ જવાબને સ્વીકારી લીધો, પરંતુ ઈસ્લામનો જૂનો દુશ્મન મરવાન, કે જેને રસૂલલ્લાહ (સ.)એ મદીનામાંથી તડીપાર કરીને કાઢી મૂક્યો હતો, તેણે કહ્યું, “અય વલીદ! હુસૈન (અ.)ને તમારી પકડમાંથી અત્યારે જવા દેતા નહીં, નહીંતર તે ફરીથી તમારા હાથમાં નહીં આવે.”

જ્યારે ઈમામ હુસૈન (અ.)એ મરવાનના આવા અપમાનજનક શબ્દો સાંભળ્યા, તો આપ (અ.)એ

તલવારની મૂઠ ઉપર પોતાનો હાથ મૂક્યો અને મોટા અવાજે કહ્યું, “અય અલ્લાહના દુશ્મન! શું તું અને વલીદ મારા માથાને સ્પર્શ કરશો?” ઈમામ (અ.)ના આવા જલાલભર્યા શબ્દો સાંભળતાંની સાથે જ બહાર ઊભેલા બની હાશિમના યુવાનો એકદમ દરબારમાં અંદર ધસી આવ્યા. ઈમામ હુસૈન (અ.) ઉકળતા લોહીવાળા પોતાના સાથીઓને શાંત પાડવામાં સફળ થયા અને પરિસ્થિતિને સંભાળી લીધી કે જેનું પરિણામ રક્તપાતમાં આવત.

ઈમામ હુસૈન (અ.)એ એવું સમજીને યઝીદની બૈઅત કરવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરી દીધો કે આવું કાર્ય તો ઈસ્લામનો અને મુસલમાનોનો વિનાશ કરી દેશે. યઝીદના ગવર્નરને ઈમામ હુસૈન (અ.)નો પ્રખ્યાત જવાબ આ મુજબ હતો:

“મારા જેવો માણસ તેના જેવા માણસની બૈઅત કદી પણ કરી શકે નહીં.”

આવા પ્રતિકાર પછી ઈમામ હુસૈન (અ.)નું જીવન ખતરામાં હતું તેથી ભારે દિલથી આપ (અ.) પોતાના નાના રસૂલલ્લાહ (સ.)ના શહેર મદીનાને અલવિદા કહેવાની યોજના ઘડવા લાગ્યા.

**ઈમામ હુસૈન (અ.)ની મદીનાથી વિદાય**

જ્યારે ઈમામ હુસૈન (અ.)એ એવી જાહેરાત કરી કે આપ (અ.) મદીનાથી વિદાય થઈ રહ્યા છે, તો મદીનાના લોકો દુઃખમાં ગરકાવ થઈ ગયા. તેઓ પોતાના વહાલા ઈમામની ખોટને સહન કરી શક્યા નહીં કે જેઓ દેખાવમાં, રીતભાતમાં અને બોલચાલમાં તેમને રસૂલલ્લાહ (સ.)ની યાદ અપાવતા હતા. લોકોનાં ટોળે ટોળાં આપ (અ.)ની પાસે આવતાં અને પૂછતાં કે આપ (અ.) શા માટે મદીના છોડી રહ્યા છો? અને મદીનાથી ન જવાની વિનંતી કરતાં હતાં.

ઈમામ હુસૈન (અ.) તેમને સમજાવતા હતા કે યઝીદે મારી પાસે પોતાની બૈઅતની માંગણી કરી છે અને મારા ઈન્કારને કારણે તે જાલિમ મદીનાને રણમેદાનમાં બદલાવી નાખતાં અચકાશે નહીં. ઈમામ હુસૈન (અ.) પોતાના નાનાના શહેર મદીનામાં બેગુનાહ મુસલમાનોનું ખૂન વહાવવા ઈચ્છતા ન હતા, તેથી આપ (અ.) હજ માટે મક્કા જઈ રહ્યા હતા, અને ત્યાર પછી શું કરવું તે તેઓ નક્કી કરશે.

પછી ઈમામ હુસૈન (અ.)એ પોતાના નાનાની, પોતાની મા ફાતેમા (અ.)ની, અને પોતાના ભાઈ ઈમામ હસન (અ.)ની કબ્ર મુબારકની ઝિયારત કરી. ત્યાર પછી આપ (અ.) સફરની તૈયારી કરવા માટે પોતાના ઘેર ગયા.

ઈમામ હુસૈન (અ.)નાં બહેન બીબી ઉમ્મે કુલસૂમ (અ.) બેવા હતાં અને પોતાના ભાઈની સાથે રહેતાં હતાં, તેથી તે પણ કાફલામાં જોડાયાં. આપ (અ.)નાં બીજાં બહેન બીબી ઝૈનબ (અ.)ની શાદી અબ્દુલ્લાહ ઈબ્ને જાફર (અ.) સાથે થઈ હતી અને તે પણ પોતાના શોહરની પરવાનગી લઈને ઈમામ હુસૈન (અ.)ની સાથે કાફલામાં શામિલ થઈ ગયાં. કાફલો રવાના થયો, અને ઈમામ હુસૈન (અ.)એ મદીનાના લોકોને અલવિદા કહી. લોકો ખુલ્લા દિલે એવી ભાવનાથી રડતા હતા કે હવે આપ (અ.)નો દીદાર કદી થશે કે નહીં થાય.



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## સ્ત્રીઓના હક્કો માટે કુરઆનનું વર્ણન

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

وَمَنْ لَّمْ يَسْتَطِعْ مِنْكُمْ طَوْلًا اَنْ
يَّنْكِحَ الْمُحْصَنٰتِ الْمُؤْمِنٰتِ فَمِنْ
مَّا مَلَكَتْ اَيْمَانُكُمْ مِّنْ فَتَيٰتِكُمُ
الْمُؤْمِنٰتِ ؕ وَاللّٰهُ اَعْلَمُ بِاِيْمَانِكُمْ ؕ
بَعْضُكُمْ مِّنْۢ بَعْضٍ ۚ فَانْكِحُوْهُنَّ بِاِذْنِ
اَهْلِهِنَّ وَاٰتُوْهُنَّ اُجُوْرَهُنَّ بِالْمَعْرُوْفِ
مُحْصَنٰتٍ غَيْرَ مُسٰفِحٰتٍ وَّلَا مُتَّخِذٰتِ
اَخْدَانٍ ۚ فَاِذَاۤ اُحْصِنَّ فَاِنْ اَتَيْنَ بِفَاحِشَةٍ
فَعَلَيْهِنَّ نِصْفُ مَا عَلَى الْمُحْصَنٰتِ مِنَ
الْعَذَابِ ؕ ذٰلِكَ لِمَنْ خَشِيَ الْعَنَتَ مِنْكُمْ ؕ
وَاَنْ تَصْبِرُوْا خَيْرٌ لَّكُمْ ؕ وَاللّٰهُ غَفُوْرٌ
رَّحِيْمٌ ﴿٢٥﴾

❖ અને તમારામાં જે (કોઈ) આઝાદ મોમિન સ્ત્રીઓ સાથે નિકાહ કરવાની પહોંચ ન ધરાવતો હોય, તો તે મોમિન લોંડીઓ કે જે તમારા કબજામાં હોય, (તેની) સાથે નિકાહ કરે અને અલ્લાહ તમારા ઈમાનથી સારી પેઠે વાકેફ છે; તમે એકબીજામાંથી છો માટે તમે તેમના માલિકોની પરવાનગીથી તેમની સાથે નિકાહ કરો અને તેમની (ઠરાવેલી) મહેરો વાજબી રીતે આપી દો, એવી સ્થિતિમાં કે તેણીઓ શિયળવંતીઓ હોય, ન કે વ્યભિચારિણીઓ, અને ન ચોરીછૂપીથી મિત્રો રાખનારીઓ, પછી જ્યારે તેણીઓ નિકાહમાં આવી જાય અને જો બદકારી કરે તો તેમના માટે આઝાદ સ્ત્રીઓના પ્રમાણમાં અડધી સજા છે; આ (આજ્ઞા) તેમના માટે છે કે તમારામાંથી જેઓ (વાંઢાપણાના કારણે) પાપકર્મમાં ફસી જવાની ધાસ્તી રાખતા હોય; પણ જો તમે સબર કરો તો તે તમારા માટે બહેતર છે; અને અલ્લાહ

મોટો ક્ષમા કરનાર (અને) દયાળુ છે.

**(સૂરા નિસા, આયત–૨૫)**

اَلرِّجَالُ قَوّٰمُوْنَ عَلَى النِّسَآءِ بِمَا فَضَّلَ اللّٰهُ بَعْضَهُمْ عَلٰى بَعْضٍ وَّبِمَآ اَنْفَقُوْا مِنْ اَمْوَالِهِمْ ۭ فَالصّٰلِحٰتُ قٰنِتٰتٌ حٰفِظٰتٌ لِّلْغَيْبِ بِمَا حَفِظَ اللّٰهُ ۭ وَالّٰتِىْ تَخَافُوْنَ نُشُوْزَهُنَّ فَعِظُوْهُنَّ وَاهْجُرُوْهُنَّ فِى الْمَضَاجِعِ وَاضْرِبُوْهُنَّ ۚ فَاِنْ اَطَعْنَكُمْ فَلَا تَبْغُوْا عَلَيْهِنَّ سَبِيْلًا ۭ اِنَّ اللّٰهَ كَانَ عَلِيًّا كَبِيْرًا ﴿٣٤﴾

✿ પુરુષો સ્ત્રીઓ ઉપર સત્તા ધરાવનારા છે. (એક તો) એ મોટાઈના કારણે કે જે અલ્લાહે એકમેક ઉપર આપી છે અને બીજું પોતાનો માલ (સ્ત્રીઓ માટે) ખર્ચતા હોવાના કારણે. સદાચારિણી સ્ત્રીઓ તે જ છે કે જેઓ ફરમાબરદારી કરે છે અને અલ્લાહે તેમનું (પતિ દ્વારા જેવું) રક્ષણ કર્યું છે તેવું (તેમના પતિની) ગેરહાજરીમાં પણ તેઓ દરેક વાતનું રક્ષણ કરે છે; અને તે સ્ત્રીઓ કે જેમની નાફરમાનીનો તમને ભય હોય, તેમને નસીહત કરો અને તેમને તેમની પથારીઓ પર એકલી છોડી દો, અને તેમને મારો, પછી જો તેઓ તમારી આજ્ઞા માની લે તો તેમના પર કોઈ પણ રીતે (સખ્તાઈનો) રસ્તો શોધો નહીં; બેશક, અલ્લાહ ઉચ્ચ દરજ્જાવાળો (અને) મોટો છે.

**(સૂરા નિસા, આયત–૩૪)**

---

وَلَنْ تَسْتَطِيْعُوْٓا اَنْ تَعْدِلُوْا بَيْنَ النِّسَآءِ وَلَوْ حَرَصْتُمْ فَلَا تَمِيْلُوْا كُلَّ الْمَيْلِ فَتَذَرُوْهَا كَالْمُعَلَّقَةِ ۭ وَاِنْ تُصْلِحُوْا وَتَتَّقُوْا فَاِنَّ اللّٰهَ كَانَ غَفُوْرًا رَّحِيْمًا ﴿١٢٩﴾

✿ અને તમે ગમે તેટલું ઈચ્છશો તો પણ તમારી (સઘળી) સ્ત્રીઓ વચ્ચે તમે ન્યાયથી હરગિઝ વર્તી શકશો નહીં, માટે તમે તદ્દન (એક જ સ્ત્રી તરફ) વળી જતા નહીં કે જેથી તે (બીજી સ્ત્રીઓ)ને લટકતી સ્થિતિમાં લાવી મૂકો; અને જો તમે સમાધાન કરો તથા બુરાઈથી બચો, તો બેશક, અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયા કરનાર છે.

**(સૂરા નિસા, આયત–૧૨૯)**

# ગુરરુલ હિકમ

غُرَرُ الْحِكَم



(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)
(ઈમામ અલી (અ.)નાં બોધવચનો)

ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ ઓવેસએહમદ એડ. જાફરી

## સહનશીલતા

٤٥۔ قُوَّةُ الْحِلْمِ عِنْدَ الْغَضَبِ اَفْضَلُ مِنَ الْقُوَّةِ عَلَى الْاِنْتِقَامِ

૪૫. ક્રોધના સમયે સહનશીલતા માટે બદલો લેવા કરતાંય વધુ તાકાત લાગે છે.

٤٦۔ كَفٰى بِالْحِلْمِ وَقَارًا

૪૬. પ્રતિષ્ઠા પામવા માટે સહનશીલતા જ પૂરતી છે.

٤٧۔ مِنْ كَمَالِ الْحِلْمِ تَاْخِيْرُ الْعُقُوْبَةِ

૪૭. સજા કરવામાં વિલંબ કરવો તે સહનશીલતાની સંપૂર્ણતામાંથી છે.

٤٨۔ نِعْمَ وَزِيْرُ الْعِلْمِ الْحِلْمُ

૪૮. જ્ઞાનનો સૌથી ઉત્તમ વઝીર સહનશીલતા છે.

٤٩۔ وَقَارُ الْحِلْمِ زِيْنَةُ الْعِلْمِ

૪૯. સહનશીલતાની ભવ્યતા જ્ઞાનની શોભા છે.

٥٠۔ وَجَدْتُ الْحِلْمَ وَالْاِحْتِمَالَ اَنْصَرَ لِيْ مِنْ شُجْعَانِ الرِّجَالِ

૫૦. મને શૂરવીર લોકો કરતાં પણ વધારે મદદગાર સબ્ર અને સહનશીલતા લાગી.

٥١۔ لَا تَفْضَحُوْا اَنْفُسَكُمْ لِتَشْفُوْا غَيْظَكُمْ وَاِنْ جَهِلَ عَلَيْكُمْ جَاهِلٌ فَلْيَسَعْهُ حِلْمُكُمْ

૫૧. તમારા ક્રોધને શાંત કરવા માટે તમે બેઆબરૂ થશો નહીં, અને જો કોઈ અજ્ઞાની તમારા પ્રત્યે અજ્ઞાનતાપૂર્વક વર્તે તો તે સમયે સહનશીલતા દાખવીને તેને દરગુજર કરો.

٥٢۔ لَا فَضِيْلَةَ كَالْحِلْمِ

૫૨. સહનશીલતાના દરજ્જા જેવો કોઈ દરજ્જો નથી.

٥٣۔ لَا ظَهِيْرَ كَالْحِلْمِ

૫૩. સહનશીલતા જેવું કોઈ પીઠબળ નથી.

૫૪. આંખ આડા કાન કરવા જેવી કોઈ સહનશીલતા નથી.

۵۴۔لَا حِلْمَ كَالتَّغَافُلِ

૫૫. સહનશીલતાથી ઊંચી કોઈ પ્રતિષ્ઠા નથી.

۵۵۔لَا عِزَّ اَرْفَعُ مِنَ الْحِلْمِ

૫૬. સહનશીલતાથી વધારે ઉચ્ચ કોઈ ગુણ નથી.

۵۶۔لَا شَرَفَ اَعْلٰى مِنَ الْحِلْمِ

૫૭. મૂર્ખ સાથે ફક્ત બુદ્ધિશાળી જ સહનશીલતાથી વર્તે છે.

۵۷۔لَا يَحْلُمُ عَنِ السَّفِيْهِ اِلَّا الْعَاقِلُ

૫૮. જેની પાસે સહનશીલતા નથી, તેની પાસે જ્ઞાન નથી.

۵۸۔لَا عِلْمَ لِمَنْ لَّا حِلْمَ لَهٗ

૫૯. માણસની સહનશીલતાનો પુરાવો તેના સબ્રના પ્રમાણ પરથી મળે છે, અને તેનું ઉમદાપણું તેની દાનદક્ષિણાથી છતું થાય છે.

۵۹۔يُسْتَدَلُّ عَلٰى حِلْمِ الرَّجُلِ بِكَثْرَةِ احْتِمَالِهٖ وَعَلٰى نُبْلِهٖ بِكَثْرَةِ اِنْعَامِهٖ

## હમ્દ

૧. હમ્દ કરનારે ફક્ત અલ્લાહની હમ્દ કરવી જોઈએ.

۱۔لَا يَحْمَدُ حَامِدٌ اِلَّا رَبَّهٗ

૨. જે અલ્લાહની હમ્દને નેઅમતોના અંતે આવશ્યક ગણે છે, તો અલ્લાહ આ બાબતને પોતાની વધારે નેઅમતો માટે ચાવીરૂપ ગણે છે.

۲۔مَنْ جَعَلَ الْحَمْدَ خِتَامَ النِّعْمَةِ جَعَلَهُ اللّٰهُ سُبْحَانَهٗ مِفْتَاحَ الْمَزِيْدِ

૩. જે વ્યક્તિ અલ્લાહની હમ્દ કરે છે, અલ્લાહ તેને જરૂરિયાતોથી મુક્ત કરી દે છે.

۳۔مَنْ حَمِدَ اللّٰهَ اَغْنَاهُ


## નેકીઓ અને બદીઓ

૧. નેકીઓ અપનાવવાની કોશિશ કરતા રહો, કારણ કે બદીઓમાંથી નજાત મેળવનારા ઘણા ઓછા હોય છે.

۱۔اِسْتَكْثِرْ مِنَ الْمَحَامِدِ فَاِنَّ الْمَذَامَّ قَلَّ مَنْ يَنْجُوْ مِنْهَا

# ગડમથલ

**૩૯૭** **સંપાદન:** જાફરી આવાઝ (કાર્યાલય)



## આડી ચાવીઓ

(૧) પ્રતીક, ચિહ્ન, નિશાની, પ્રતિમૂર્તિ (૪)
(૩) નવયુવાન, નવજવાન, યુવા (૫)
(૭) બાપ, પિતા, પપ્પા (૨)
(૮) અઢારમી ઝિલ્હજનો દિવસ (૩)
(૯) હોઠ, નદીનો કિનારો, ઓષ્ઠ, અધર (૨)
(૧૧) તાજું, નવીન, નૂતન, હાલનું ફ્રેશ (૨)
(૧૨) સર્જન, નિર્માણ, સર્જિત વસ્તુ (૪)
(૧૪) અવાજ, ધ્વનિ, સ્વર (૨)
(૧૫) રાજી થવું તે, ખુશ થવું, રાજીખુશી (૨)
(૧૭) લખેલું, લખાણ, લેખ, દસ્તાવેજ (૩)
(૧૯) ચંદ્ર, ચાંદો, ચન્દ્રમા (૨)
(૨૦) મરકી, પ્લેગનો રોગ, વ્યાપક રોગચાળો (૨)
(૨૨) ગર્ભ, બકરીનું બચ્ચું, મેષ રાશિ (૩)
(૨૩) ક્યારેક, કોઈક સમયે (૨)
(૨૪) અરબસ્તાનનો રહેવાસી, બદ્દુ (૩)
(૨૫) પેન, લેખિની, લખવાનું સાધન (૩)
(૨૭) સર્વોત્તમ, શ્રેષ્ઠ, સારું, યોગ્ય, સુંદર (૨)
(૨૮) વીતેલો દિવસ, ગઈકાલ, આવતીકાલ (૨)
(૨૯) માબાપ દ્વારા બહિષ્કૃત થયેલો (૨)
(૩૦) સુંદર સંસ્કાર, શ્રેષ્ઠ ઉછેર (૪)

## ઊભી ચાવીઓ

(૧) અસરકારક, અસર ઉપજાવે તેવું (૫)
(૨) વિપુલ, પુષ્કળ (૪)
(૩) વનસ્પતિ, લીલોતરી (૪)
(૪) યુગ, સમય, કાલ, હંમેશ (૨)
(૫) ખીણ, બે પર્વતો વચ્ચેની જગ્યા (૨)
(૬) પુરુષ અને સ્ત્રી (૪)
(૧૦) બળ, તાકાત, શક્તિ, વળ (૨)
(૧૩) ઓછું, અલ્પ પ્રમાણ (૨)
(૧૪) સરદાર, બાદશાહ, અમીર, સર્વશ્રેષ્ઠ નાયક (૪)
(૧૬) અત્યાચારી, ઘાતકી માણસ (૩)
(૧૮) સર્જન, પેદાઈશ (૩)
(૧૯) રજત, એક કીમતી ધાતુ (૨)
(૨૧) બરકતવાળું, બરકતથી ભરેલું (૫)
(૨૨) નિરાશ, આશાવિહીનતા (૪)
(૨૩) કમળ, પાણીમાં ખીલતું ફૂલ (૩)
(૨૪) લાકડી, લાઠી, ડાંગ (૨)
(૨૬) 'ઈલ્કાબ'નું એકવચન (૩)
(૨૭) પાંચમો (૩)

- OFFLINE MODE
- LOCAL DATA SECURITY

**POS 365**

# OFFLINE



## RESTAURANT BILLING SOFTWARE

- ઈન્ટરનેટ વગર પણ બિલિંગ ચાલુ
- રેસ્ટોરન્ટ માટે સરળ ઉપયોગ
- ડેટા સંપૂર્ણ સુરક્ષિત
- ગ્રાહકો માટે ઝડપી સર્વિસ
- ઝડપી KOT અને Billing
- હોટેલ અને કેફે માટે યોગ્ય

**₹ 7000/ Year : No Hidden Charges**

+91 70161 63056

**Try Offline POS Demo**

info@hotel363.io



હઝરત અલી (અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

# نہج الاسرار
# નહ્જુલ અસરાર

સંપાદક : મોલવી સૈયદ ગુલામહુસૈન રઝા
અનુવાદક : મો.કાસિમભાઈ વિજાપુરા

## કેટલાક સવાલો અને તેના જવાબો

**પહેલો સવાલ કરનાર:** સખ્ત કઈ વસ્તુ છે અને વધારે સખ્ત શું છે? નજીક કઈ વસ્તુ છે અને વધારે નજીક શું છે? અજીબ કઈ વસ્તુ છે અને વધારે અજીબ શું છે? વાજિબ શું છે? અને વધારે વાજિબ શું છે?

**જવાબ:** સખ્ત વસ્તુ ગુનાહ છે અને તેનાથી વધારે સખ્ત ગુનાહને કારણે સવાબનું બરબાદ થવું છે. આવતી કાલે પેશ આવવાવાળી ચીજ નજીક છે અને એનાથી વધારે નજીક મોત છે. અજીબ વસ્તુ દુનિયા છે અને એના કરતાં વધારે અજીબ વસ્તુ તમારી ગફલત છે. વાજિબ તોબા છે અને ગુનાહને તર્ક કરવા વધારે વાજિબ છે.

**બીજો સવાલ કરનારો:** એવી કઈ વસ્તુ છે કે જે આસમાન કરતાંય વધારે મોટી છે? એવી કઈ વસ્તુ છે કે જે જમીન કરતાંય વધારે પહોળી છે? એ શું છે કે જે યતીમ કરતાંય વધારે ઝઈફ છે? એ શું છે કે જે આગ કરતાંય વધારે ગરમ છે? એ શું છે કે જે ઝમહરીર (શિયાળાની ઋતુ) કરતાંય વધારે ઠંડું છે? એ શું છે કે જે સમુદ્ર કરતાંય વધારે ગની છે? એ શું છે કે જે પત્થર કરતાંય વધારે સખ્ત છે?

**જવાબ:** કોઈ બેગુનાહ પર બોહતાન બાંધવું આસમાન કરતાંય વધારે મોટી બાબત છે.

હક કાર્ય જમીન કરતાંય વધારે વિસ્તૃત છે.

સુખનચીની (એબ શોધવા) યતીમ કરતાંય વધારે ઝઈફ છે.

હિર્સ (લોભ) આગ કરતાંય વધારે ગરમ છે.

કંજૂસની પાસે હાજત લઈ જવી ઝમહરીર કરતાંય વધારે ઠંડું છે.

મર્દે સાલેહ (સદાચારી માણસ) સમુદ્ર કરતાંય વધારે ગની (સમૃદ્ધ/ધનવાન) છે.

કાફિરનું દિલ પત્થર કરતાંય વધારે સખ્ત છે.

(બિહારુલ ગુમ્મા, જિલ્દ–૧૭)

## ઉલુલ અમ્ર

એક માણસે સવાલ કર્યો કે એવી ઓછામાં ઓછી બાબત કે જેનાથી કોઈ માણસ ગુમરાહ થઈ જાય છે, તે શું છે?

**હઝરત અમીરુલ મોમિનીન (અ.):** એ બાબતને ન જાણવી કે અલ્લાહ તઆલાએ તેને કોની ઈતાઅતનો હુકમ કર્યો છે, અને એના પર કઈ ખાસ વ્યક્તિઓની ઈતાઅત કરવાનું વાજિબ કર્યું છે, અને પોતાની જમીન પર પોતાની હુજ્જત અને પોતાની મખ્લૂકના નેક અને બદ આમાલના ગવાહ કોને મુકર્રર કર્યા છે.

**સવાલ કરનાર:** યા અમીરલ મોમિનીન! તેઓ કોણ છે?

**હઝરત અમીરુલ મોમિનીન (અ.):** તેઓ એ છે કે જેમને અલ્લાહે પોતાની ઝાત અને પોતાના નબીની સાથે મેળવી દીધા છે, અને ફરમાવે છે:

يَآاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ وَاُولِى الْاَمْرِ مِنْكُمْ ۚ

(અય ઈમાન લાવનારાઓ! તમે ઈતાઅત કરો અલ્લાહની, અને રસૂલની પણ, અને તમારામાંના ઉલુલ અમ્રની પણ.)[1]

(અલ–કાફી)

## બાદશાહે રૂમના સવાલો

બીજી ખિલાફતના જમાનામાં એક વખતે રૂમના બાદશાહે કેટલાક સવાલો હઝરત ઉમરની પાસે લખીને મોકલ્યા. હઝરત ઉમરે એ સવાલોને પોતાના અસ્હાબની આગળ રજૂ કર્યા કે તેઓ આના જવાબ આપે, પરંતુ કોઈએ પણ જવાબ ન આપ્યા. પછી તેમણે આ સવાલો હઝરત અલી (અ.)ની ખિદમતમાં રજૂ કર્યા, તો આપ (અ.)એ તરત જ કલમ ઉઠાવી અને બધા જ સવાલોના જવાબો કહી દીધા.

**સવાલ:** એ કઈ વસ્તુ છે કે જે આખુંને આખું દહન (મોઢું) છે?

**જવાબ:** આગ, જે વસ્તુ એમાં નાખવામાં આવે તેને તે ખાઈ જાય છે.

**સવાલ:** એ કઈ વસ્તુ છે કે જે આખીને આખી પ્રવાહી છે?

**જવાબ:** પાણી.

**સવાલ:** એ કઈ વસ્તુ છે કે જે સમગ્રપણે આગ છે?

**જવાબ:** આફતાબ (સૂર્ય).

**સવાલ:** એ કઈ વસ્તુ છે કે જે સમગ્ર રીતે ઊડતી રહે છે?

**જવાબ:** હવા.

**સવાલ:** એ કયો માણસ છે કે જેને કોઈ ખાનદાન (કુટુંબ) જ નથી?

**જવાબ:** હઝરત આદમ (અ.).

**સવાલ:** એ ચાર વસ્તુઓ કઈ છે કે જે માના

1 સૂરા નિસા, આયત–૫૯

રહમ (ગર્ભાશય)માં રહી નથી?

**જવાબ:** (૧) મૂસા (અ.)નો અસા (લાકડી) (૨) હઝરત ઈબ્રાહીમ (અ.)નો દુમ્બો કે જે કુરબાની વખતે જન્નતમાંથી આવ્યો હતો (૩) હઝરત આદમ (અ.) (૪) હઝરત બીબી હવ્વા.

**સવાલ:** એ કઈ વસ્તુ છે કે જે શ્વાસ લે છે, પણ એમાં રૂહ નથી?

**જવાબ:** તે સુબ્હ છે કે જે રૂહ વગર શ્વાસ લે છે. અલ્લાહ તઆલા ફરમાવે છે:

وَالصُّبْحِ اِذَا تَنَفَّسَ

(સુબ્હની કસમ જ્યારે કે તે શ્વાસ લે છે.)

**સવાલ:** નાકૂસ (શંખ) શું કહે છે?

**જવાબ:** નાકૂસ દુનિયા અને દુનિયાવાળાઓની બરબાદીને બયાન કરે છે.

**સવાલ:** એવો કયો મુસાફર છે કે જેણે એક જ વખત સફર કરી છે?

**જવાબ:** તૂરે સીના.

**સવાલ:** એ કયું વૃક્ષ છે કે જેના છાંયડામાં કોઈ મુસાફર એકસો વર્ષ સુધી મુસાફરી કરે, તો પણ તેમાંથી બહાર નીકળી શકતો નથી? દુનિયામાં એનું ઉદાહરણ શું છે?

**જવાબ:** એ શજરે તૂબા છે અને એ જ સિદ્રતુલ મુન્તહા છે કે જે સાતમા આસમાન પર છે. દુનિયામાં એનું ઉદાહરણ આફતાબ (સૂર્ય) છે.

**સવાલ:** એ કયું ઝાડ છે કે જે પાણી વગર ઊગ્યું હતું?

**જવાબ:** તે શજરે યૂનુસ છે. અલ્લાહ તઆલાનો કોલ છે: وَاَنْۢبَتْنَا عَلَيْهِ شَجَرَةً مِّنْ يَّقْطِيْنٍ

**સવાલ:** જન્નતમાં દસ્તરખ્વાન પર જે પ્યાલાઓ હશે, તેમાંથી દરેક પ્યાલામાં રંગબેરંગી વાનગીઓ હશે. દુનિયામાં તેનું ઉદાહરણ શું છે?

**જવાબ:** દુનિયામાં તેનું ઉદાહરણ ઈંડું છે. તેમાં બે રંગના તરલ પદાર્થો હોય છે જે એકબીજામાં ભળી જતા નથી.

**સવાલ:** જન્નતમાં દરેક સફરજનમાંથી ઘણી હૂરો નીકળશે, તો પણ સફરજન જેમનું તેમ બાકી રહેશે? દુનિયામાં તેનું દૃષ્ટાંત શું છે?

**જવાબ:** દુનિયામાં તેનું દૃષ્ટાંત ફળમાં રહેલા કીડા છે કે જે ફળમાંથી નીકળે છે કે જેના નીકળી જવાથી ફળને કોઈ નુકસાન પહોંચતું નથી.

**સવાલ:** જન્નતની ચાવીઓ શું છે?

**જવાબ:** જન્નતની ચાવીઓ لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ છે.

ઈબ્ને મસીબ કહે છે કે, "જ્યારે કૈસરે રૂમે આ જવાબો વાંચ્યા, તો અચાનક જ તેની જીભમાંથી નીકળી પડ્યું કે, "આ જવાબો નબી (સ.)ના ઘરવાળાઓના સિવાય કોઈ બીજાના હોઈ શકતા નથી."" પછી એક પત્ર હઝરત અમીરુલ મોમિનીન (અ.)ની ખિદમતમાં પણ લખ્યો કે (મને) મઝહબે હકની તાલીમ આપો, અને સમજાવો કે એ રૂહથી શું મુરાદ છે કે જેના માટે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે:

وَيَسْـَٔلُوْنَكَ عَنِ الرُّوْحِ قُلِ الرُّوْحُ مِنْ اَمْرِ رَبِّيْ

(તેઓ આપને રૂહ વિષે સવાલ કરે છે, (અય રસૂલ (સ.)!) આપ કહી દો, "રૂહ મારા રબના અમ્રમાંથી છે.") હઝરત અલી (અ.)એ તેનો જવાબ આપ્યો કે, "જાણી લો કે રૂહ એક બારીક સર્જન છે, અને અફઝલ નૂર છે કે જે પોતાના ખાલિકની કારીગરી અને એની કુદરતે કામેલાનો એક કરિશ્મો છે કે જેને તેણે પોતાની સલ્તનતના ખજાનામાંથી કાઢીને પોતાના મુલ્કમાં રાખેલ છે. તેથી આ રૂહ તેનો એક ઝરીઓ છે અને તમારી પાસે તેની એક અમાનત છે, તેથી જ્યારે એના ઝરીએ તમારે જે વસ્તુઓ અલ્લાહની બારગાહથી લેવાની છે એ લઈ લેશો, તો તે પણ પોતાની ચીજ (અર્થાત્ રૂહ) કે જે તમારી પાસે છે, તેને પાછી લઈ લેશે."

(તઝિકરતુ ખવાસિલ અઈમ્મા, સિબ્ત ઈબ્ને જૌઝી)

ઈમામ હસન અસ્કરી (અ.)થી રિવાયત છે કે, "એક સવાલ કરનારે હઝરત અમીરુલ મોમિનીન (અ.)ને આ પ્રમાણે સવાલ કર્યો કે, "મોત માટે કઈ તૈયારી હોવી જોઈએ?" તો  આપ (અ.)એ ફરમાવ્યું, "ફરજોની અદાયગી, હરામ બાબતોથી દૂરી, અને નેક કાર્યો બજાવી લાવવાં. (આટલું કર્યા પછી) તે મોત ઉપર જઈ પડે અથવા મોત તેના પર આવી જાય, તો કોઈ પરવા નથી. અલ્લાહની કસમ! અબૂ તાલિબના ફરઝંદે કદી એ બાબતની પરવા નથી કરી કે તે મોત પર તૂટી પડે કે મોત તેના પર તૂટી પડે."" (ક્રમશઃ)

## 'જાફરી આવાઝ' (માસિક)ના લવાજમ અંગે

દર વર્ષની માફક 'જાફરી આવાઝ' (માસિક)નું લવાજમ મોહર્રમ માસથી લેવાનું નક્કી કરેલ છે. તે રીતે ચાલુ વર્ષે પણ મોહર્રમથી મોહર્રમ એક વર્ષ ગણવામાં આવશે. ચાલુ વર્ષનું લવાજમ રૂપિયા ૨૫૦/- મોહર્રમ માસની ૨૦ તારીખ સુધીમાં (એટલે કે તા.૦૭/૦૭/૨૦૨૬ સુધીમાં) જે જૂના ગ્રાહકોનું આવ્યું હશે તે જ ગ્રાહક તરીકે ચાલુ રહશે. નવા ગ્રાહકોના અંક ઈન્શાઅલ્લાહ ઑગસ્ટ-૨૦૨૬થી મોકલવામાં આવશે. ઉપરોક્ત દર્શાવેલી તારીખ સુધીમાં એટલે કે તા.૦૭/૦૭/૨૦૨૬ સુધી જે જૂના ગ્રાહકોનાં લવાજમ આવ્યાં હશે તેમને જ અંક મોકલવામાં આવશે, જેની દરેકે નોંધ લેવી.

ત્રિવર્ષીય (Three Yearly) યોજનાનું લવાજમ આ વર્ષે મોહર્રમ માસમાં પૂરું થાય છે.

**વાર્ષિક લવાજમ: રૂા.૨૫૦/-     ત્રિવર્ષીય લવાજમ: રૂા.૭૫૦/-**

લવાજમ આપના ગામના મુખી / મોલ્વી સાહેબ, આપના વિસ્તારના માનદ પ્રતિનિધિને સમયમર્યાદામાં આપી દઈને સહકાર આપવા વિનંતી છે. દરેક ગામના મુખી / મૌલવી સાહેબ ઉપર જૂના ગ્રાહકોની યાદીની નકલ મોકલી આપવામાં આવશે. આપ સૌએ ભૂતકાળમાં અમને જે રીતે સાથ અને સહકાર આપ્યો છે, તે રીતે આપતા રહેશો એવી અપેક્ષા રાખીએ છીએ. અલ્લાહ તઆલા આપ સૌને તેનો નેક બદલો અતા ફરમાવે તેવી દુઆ.

– વ્યવસ્થાપક 'જાફરી આવાઝ' (માસિક)



હઝરત પીર મશાયખ (રહ.) કૃત...

# મશાયખવાણી

**મક્તૂલનામા**

● સત ગોર પીર મશાયખ વાચા ●

**બયાન નં.૨૮૩**

**ઉસ ઘોડે પર સૈયદ, ભએ અસવારા,**
**આએ શહઝાદેકે પાસ, બોત કરને પ્યારા.**

*તે (અરઝોકના) ઘોડા પર જનાબે કાસિમ (અ.) સવાર થયા, અને ઘણી જ મોહબ્બતથી ઈમામ હુસૈન (અ.)ની પાસે આવ્યા.*

**સો શહઝાદેકે પાસ, જબ કાસિમ રે આએ,**
**અરઝોકકે ઘોડે પર, અસવાર થે સુણાએ.**

*જ્યારે જનાબે કાસિમ (અ.) ઈમામ હુસૈન (અ.)ની પાસે આવ્યા, ત્યારે અરઝોકના ઘોડા પર સવાર થયેલા હતા.*

**આવ પાસ રે ઉતર કર, આએ શહઝાદેકે પાસા,**
**આવ રકાબકે ઉપર, ગીંરિ હોકર દાસા.**

*જનાબે કાસિમ (અ.) નજીકમાં જ ઊતરીને ઈમામ હુસૈન (અ.)ની પાસે આવ્યા, અને ગુલામની જેમ ઈમામ (અ.)ના ઘોડાના પેંગડા પર પડી ગયા.*

**કહ્યા ખુદાકી સોગંદ એક ઘૂંટ, મેં પાણી રે પાહું,**
**તો દુશ્મનું કેરા, દૂર ગુમાન કરાહું.**

*કહ્યું કે, અલ્લાહની કસમ! જો મને એક ઘૂંટ પાણી મળી જાય, તો હું દુશ્મનોના અભિમાનને ઉતારી નાખું.*

**હેં વખત રે પોંચીયા, શહઝાદેને આખા,**
**દાદા હૌઝે કૌસરકા, પાણી પિલાવે દાખા.**

*ઈમામ હુસૈન (અ.)એ કહ્યું કે હવે તમારો (મોતનો) સમય આવી ગયો છે, અને તમારા દાદા તમને હૌઝે કૌસરનું પાણી પિવડાવશે.*

**અબ ગમ રે પાણીકા, દૂર મનથી કરના,**
**મા તમારી હેં રોતે, ડેરે મન ધરના.**

*હવે પાણીનું દુઃખ તમારા દિલમાંથી દૂર કરો, કેમ કે તમારી મા ખૈમામાં રડી રહ્યાં છે, એવું દિલમાં રાખો.*

**તબ કાસિમ તો રજાસું, ફિર ખૈમે પાસ આએ,**
**તબ મા તો ફિરાકસું, બોત રોતે સુણાએ.**

*ત્યારે જનાબે કાસિમ (અ.) રજા મેળવીને*

*ફરીથી ખૈમાની નજીક આવ્યા, ત્યારે સાંભળ્યું કે મારાં મા મારી જુદાઈમાં ઘણું રડી રહ્યાં છે.*

**કહ્યા વાય રે બેટા, પ્યારા રે મેરા,**
**કહ્યા વાય તૂ આરામ, મેરે દિલ રે કેરા.**

*અને કહેવા લાગ્યાં કે હાય અફસોસ! અય મારા પ્યારા બેટા, હાય અફસોસ! તું તો મારા દિલની રાહત છે.*

**તૂ દીદાર તો મુજકું, નાંહીં કાએ રે દેખાતા,**
**અને ઓરત ભી રોએ, બોત સુની એ બાતા.**

*તમે શા માટે મને તમારો ચહેરો બતાવતા નથી? અને તેમનાં બીવી પણ ઘણું રડતાં હતાં, એવી વાત સાંભળી છે.*

**એતા સુનતે કાસિમ, ખૈમે માંહેં આએ,**
**અને કદમ તો માકે, શીશકું લગાએ.**

*આટલું સાંભળીને જનાબે કાસિમ (અ.) ખૈમામાં આવ્યા, અને માના પગ પોતાના માથા સાથે લગાડ્યા.*

**ફિર મિલતે રધન, બોત રે કરાયા,**
**એ સુન સુન મોમિનો, મન એતના આયા.**

*જ્યારે આવી રીતે ફરીથી મુલાકાત થઈ તો ઘણો વિલાપ કર્યો, આ સાંભળીને મોમિનોના દિલમાં આટલું આવ્યું,*

**રેતૂહી**

**માતા રોવે દેખતે,**

**ભરભર કાસિમ નેન રે, ભરભર કાસિમ નેન;**

**હૈયા ના તલ થર રહે,**

**જો સુને વે સબ બેન રે, જો સુને વે સબ બેન.**

*જનાબે કાસિમ (અ.)ને નજરે જોઈને તેમની મા રડવા લાગ્યાં, અને જે આ હકીકત સાંભળે તેનું દિલ પણ ધ્રુજ્યા વગર નહીં રહે.*

### બયાન નં.૨૮૫

**ભાષા - બરહા**

**કાસિમ ફિર આએ સહી, નેનું ભરીયા નીર રે,**
**ઝારઝાર માતા રોઈએ, કિતી ના તલ ભી ધીર રે.**

*જનાબે કાસિમ (અ.) ફરીથી (ખૈમામાં) આવ્યા તો તેમની આંખોમાં આંસુ વહેતાં હતાં, તેથી તેમની મા પણ પોક મૂકીને રડવા લાગ્યાં, અને તેમને જરાય શાંતિ ન થઈ.*

**ઓરતને રધન કિયા, દિલમાં તો બાદલ છાય રે,**
**ગરજે તો હૈયા દુઃખ ભરા, સબૂર તલ ના આય રે.**

*તેમનાં બીવી એવી રીતે રડ્યાં જાણે કે દિલમાં દુઃખનાં વાદળ છવાયેલાં હોય, અને એટલું દુઃખ ભરેલું હતું કે દિલ પણ ફાટી જાય, તેથી જરાય સબ્ર થતી ન હતી.*

**કદમ તો સૈયદ કેરે, લેકર લગાએ નેન રે,**
**નેનાં તો આંસુ ચલીએ, કેહ કેહ ફિરાકકે બ્યાન રે.**

*જનાબે કાસિમ (અ.)ના પગ લઈને તેમનાં બીવીએ આંખે લગાડ્યા, અને જુદાઈનું વર્ણન કરી કરીને આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં.*

**આસમાન જ્યું દેખ ઝૂરીયા, એસા રધન કિયા સહી રે,**

**મેહ રીતે નેનાં બરસીએ, એ બાત હેં સુન કર લહી રે.**

*એવું રડ્યાં કે તેમને જોઈને આસમાન પણ ધ્રુજવા લાગ્યું, અને એવી વાત સાંભળી છે કે વરસાદની જેમ આંસુ વરસવા લાગ્યાં.*

**કાસિમ માતા પાસથી, માંગી સુનો આખર વિદા,**
**માતા હમુંકું સીખ રે, હમ તો ચલે હોકર વિદા.**

*સાંભળો, જનાબે કાસિમ (અ.)એ છેવટે માની પાસેથી રજા માગી, અને કહ્યું કે, મા! હવે મને રજા આપો, હું તમારાથી વિદાય થાઉં છું.*

**માતા જ્યું તકદીર હેં લખા, ઉસ રીત તો હુએ જુદા,**
**હમ તો ચલે તમુંસું સહી, હોકર અભી સાઅત વિદા.**

*અય મા! જેવું કિસ્મતમાં લખેલું છે તેવી રીતે આપણા વચ્ચે જુદાઈ થઈ ગઈ. હું તો હમણાં જ તમારાથી પળવારમાં જુદો થઈ જાઉં છું.*

**ઓરત લાગે ઝૂરને, ઝૂરે તો માતા બાળ રે,**
**સૈયદ નેનું ઝૂરતે, હોકર ચલે અનુંસું વિદા.**

*જનાબે કાસિમ (અ.)નાં બીવી અને તેમનાં મા યાદ કરી કરીને અતિશય રડવા લાગ્યાં, અને જનાબે કાસિમ (અ.) પણ તેમનાથી વિદાય થયા તો યાદ કરીને રડવા લાગ્યા.*

**ઘરમાં તો ઝૂરે ઓરતાં, અને શહઝાદે બાર રે,**
**સૈયદ ઝૂરે ચલતે, હુએ જબ અનુંસું વિદા.**

*ખૈમામાં એમનાં બીવી યાદ કરતાં હતાં, અને જનાબે કાસિમ બહાર યાદ કરતા હતા, અને જ્યારે જનાબે કાસિમ (અ.) તેમનાથી વિદાય થયા તો યાદ કરતાં કરતાં વિદાય થયા.*

**કહ્યા ઈલાહી તેં કિયા, ચાયા જે અપને ચંત રે,**
**પરદેશમાં જુદે પડે, સૈયદ ત્યાં હુએ વિદા.**

*કહેવા લાગ્યા કે, અય અલ્લાહ! તું જે પોતે ઈચ્છ્યું એ જ કર્યું, પરદેશમાં જનાબે કાસિમ (અ.) વિદાય થઈને જુદા પડી ગયા.*

**પરદેશમાં રણ માંહેં, ઘેરા ભી દિયા આવ રે,**
**માતાસું માગી સીખ રે, સૈયદ તો હુએ વિદા.**

*પરાયા દેશમાં અને રણમેદાનમાં રહ્યા, અને વળી દુશ્મનોએ ઘેરામાં પણ લઈ લીધા, છેવટે જનાબે કાસિમ (અ.) માની રજા લઈને તેમનાથી વિદાય થયા.*

**છેલ્લા હેં મિલના મિલીએ, માતા હેં અબ ઉસ દિન રે,**
**જબ નાંહીં ફિર દેખના, સૈયદ તો હુએ વિદા.**

*અય મા! આ છેલ્લું મળવાનું હતું તે મળી લીધું, હવે એ દિવસે (કયામતમાં) મળવાનું થશે, હવે હું ફરીથી જોવામાં નહીં આવું, આટલું કહીને જનાબે કાસિમ (અ.) વિદાય થયા.*



ઉઝમાફાતેમા મોહંમદસાજિદ ફતેહ
(પીરોજપુરા મુંબઈ/ જોગેશ્વરી)
93.80 %
S.S.C

# નન્હે રોઝેદાર

## હિજરી સન-૧૪૪૭



મુજતબાહસન અલ્તાફહુસૈન ખોરજીયા
વાલેદા: આબેદાબાનું (વેળાવાપુરા)
ઉ.વ. ૮ રોઝા - ૬



સીરતઝહરા મકબૂલઅલી વિજાપુરા
વાલેદા: રાશેદાબેન (જેઠીપુરા-ઝહીરાબાદ)
ઉ.વ. ૮.૪ રોઝા - ૩૦



ઝહીનાફાતેમા અબ્બાસઅલી કડીવાલા
વાલેદા: મેઅરાજફાતેમા (સેદ્રાણા)
ઉ.વ. ૬ રોઝા - ૧૧



મુખ્તારઅહમદ અસ્ગરઅલી ખાણુસીયા
વાલેદા: મેઅરાજફાતેમા (ઈલોલ તલાવ)
ઉ.વ. ૭.૩ રોઝા - ૧૮



નવાઝહૈદર એહમદઅલી કોવડીયા
વાલેદા: કનીઝફાતેમા (ઈલોલ તલાવ)
ઉ.વ. ૯ રોઝા - ૩૦



મોહંમદમુનિસ તાહિરઅલી વિજાપુરા
વાલેદા: શાકેરાબાનું (ઈલોલ તલાવ)
ઉ.વ. ૧૦ રોઝા - ૩૦



મુન્તઝિરહુસૈન અસદઅલી વિજાપુરા
વાલેદા: કનીઝફાતેમા (જેઠીપુરા)
ઉ.વ. ૮.૩ રોઝા - ૨૫



મોહંમદઅનીસ સાદિકઅલી દાંત્રેલીયા
વાલેદા: કનીઝફાતેમા (ઈલોલ તલાવ)
ઉ.વ. ૧૧ રોઝા - ૨૯




કનીઝફાતેમા નઝરમોહંમદ
કડીવાલા (ખડીયાસણ)
92.17 %
S.S.C



ઝાહિદઅલી સલમાનઅલી
વિજાપુરા (કાટવાડ)
90.33 %
S.S.C



હબીબાફાતેમા સલમાનઅલી
વિજાપુરા (કાટવાડ)
88.00 %
S.S.C



ફરીદાફાતેમા શબ્બીરઅલી
રેવાસીયા (જેઠીપુરા)
87.66 %
S.S.C



આરેફાફાતેમા ઈશ્તિયાકઅલી
લોઢા (હરીપુરા-ગાંધીનગર)
91.66 %
S.S.C



તાહિરહુસૈન આબિદઅલી
જગરાળા (રસૂલપુર (મે.))
87.66 %
S.S.C



શીરીનફાતેમા યાસીનભાઈ
મોલપીયા (દશાવાડા)
82.33 %
S.S.C



હમીદાફાતેમા મોહસિનહુસૈન
મોમિન (કઠોર)
85.50 %
S.S.C

# میر انیس مرثیہ

# મીર અનીસના મરસિયા



મરસિયા–૨૦

مرثیہ-۲۰

**યઝીદની પત્ની હિન્દનું કેદખાનામાં આવીને અસીરાને અહલેબૈત (અ.)ની ખરાબ હાલત પર રડવું**

زوجۂ یزید ہند کا قید خانے میں آ کر اسیرانِ اہلِ بیتؑ کی حالتِ زار پر اشکبار ہونا

۱

زنداں میں مضطرب تھے اسیرانِ نوحہ گر — وہ ہولناک شب وہ اندھیرا کہ الحذر
بیٹھی تھیں فرشِ خاک پہ رانڈیں برہنہ سر — بدلی نگہبانوں کی چوکی بجا پہر
فاقوں میں قیدیوں نے ادھر شکرِ رب کیا
اور اس طرف یزید نے خاصہ طلب کیا

(કેદખાનામાં નૌહા અને માતમ કરનાર કેદીઓ પરેશાન હતાં. એ ભયાનક રાત ને એ અંધકાર એવો કે અલ્લાહની પનાહ! બેવાઓ માટીના ફર્શ પર ઉઘાડા માથે બેઠેલી હતી. પહેરેદારોની (પણ) સમયાનુસાર બદલી થઈ ચૂકી. આ બાજુ ફાકાઓમાં કેદીઓએ અલ્લાહનો શુક્ર અદા કર્યો, તો પેલી બાજુ યઝીદે (દસ્તરખ્વાન પર) ખાવાનું મંગાવ્યું.)

۲

جلدی محل سرا میں روانہ ہوا بعام — خاصہ چنا خواصوں نے بازینت تمام
ہاں ہند کو بلاؤ یہ بولا امیرِ شام — تب اک کنیزِ خاص نے اس سے کیا کلام
خاصہ نہ دن کو نوش کیا ہے نہ سوئی ہے
بی بی سحر سے آج کئی بار روئی ہے

(જલ્દીથી મહેલમાં ભોજન રવાના થયું. સંપૂર્ણ સજાવટની સાથે વિશિષ્ટ ખિદમતગારોએ ભોજનની

પસંદગી કરી. અમીરિ શામ બોલ્યો કે, "હવે હિન્દને બોલાવો." ત્યારે એક ખાસ કનીઝે તેની પાસે જઈને વાત કરી કે, "તેમણે દિવસે ન તો ખાધું છે કે ન તો ઊંઘ્યાં છે, તે બીબી આજે સવારથી ઘણી વાર રડી ચૂકયાં છે.)

لیٹی رہی ہیں منہ کو لپیٹے بصد ملال — چہرہ ہے زرد رونے سے آنکھیں ہیں دونوں لال

کنگھی نہ سر میں کی ہے نہ سُرمے کا ہے خیال — ۳ — کیوں دل گرفتہ ہیں نہیں کھلتا کسی پہ حال

حمام نے کیا ہے نہ کپڑے بدلتی ہیں

مہندی کے بدلے وہ کف افسوس ملتی ہیں

(તેઓ ખૂબ જ દુઃખી હાલતમાં ચાદર ઓઢીને સૂઈ રહ્યાં છે. રડવાના કારણે ચહેરો પીળો પડી ગયો છે અને બન્ને આંખો પણ લાલ થઈ ગઈ છે. તેમણે ન તો માથામાં કાંસકો ફેરવ્યો છે કે ન તો સુરમો લગાવવાનો કંઈ વિચાર છે. શા માટે તેઓ ગમગીન છે તેની કોઈને ખબર પડતી નથી. તેમણે ન તો સ્નાન કર્યું છે કે ન કપડાં બદલ્યાં છે. તેઓ મેંદી લગાવવાના બદલે અફસોસની સાથે હાથ મલી રહ્યાં છે.)

گہنا اتار ڈالا ہے یوں جی میں آئی ہے — بے وجہ سوگواروں کی صورت بنائی ہے

تکیہ ہے تر یہ اشکوں کی ندی بہائی ہے — ۴ — مسند پہ بیٹھنے کی قسم کل سے کھائی ہے

یہ شکل رنج و غم سے ہے اس باتمیز کی

جیسے سنا نی آئے کسی کے عزیز کی

(ન જાણે દિલમાં શું આવ્યું કે તેમણે પોતાનાં ઘરેણાં ઉતારી નાખ્યાં છે, અને વગર કારણે જ સોગવારો જેવી હાલત બનાવી છે. ઓશિકું ભીનું થઈ ગયું છે, એવી તો તેમણે આંસુઓની નદી વહાવી છે. તખ્ત ઉપર ન બેસવાની કાલથી કસમ ખાધી છે. રંજો-ગમથી તે સમજદાર (ખાતૂન)નો ચહેરો એવો થઈ ગયો છે, જાણે કે કોઈના પ્રિયજનની મોતની ખબર આવી હોય.")

بولا خبر یہ سنتے ہی وہ بانیِ ستم — جا کر کہو کہ دیر سے یاں منتظر ہیں ہم

دوڑیں یہ حکم سن کے خاصیں کئی بہم — ۵ — ناچار ہند آن کے بیٹھی بچشم نم

ہر گز یزید کی تو نہ جانب نگاہ کی
دیکھا بعامِ گرم تو اِک سرد آہ کی


(આવી ખબર સાંભળતાંની સાથે જ તે સિતમગર બોલ્યો, “(હિન્દને) જઈને કહો કે, “હું કયારનોય વાટ જોઈ રહ્યો છું.”” આ હુકમ સાંભળીને કેટલીક ખાસ કનીઝો દોડતી (હિન્દને બોલાવવા) ગઈ. લાચાર હિન્દ આવીને આંસુભરી આંખે ત્યાં બેઠી. તેણીએ યઝીદની તરફ જરા પણ નજર ન કરી, (અને જ્યારે) ગરમ ભોજન જોયું તો એક ઠંડો નિસાસો નાખ્યો.)

پوچھا یزید نے کہ ہے کچھ بدمزہ مزاج؟ — بولی یہ ہند ہوتا ہے ہاں دل میں درد آج
۹
ہے ظلم اور ستم کا ترے عہد میں رواج — اپنے جگر کے زخم کا میں کیا کروں علاج
تجھ کو تو عید ہے مجھے صدمے گزرتے ہیں
یہ کون ہیں جو راتوں کو فریاد کرتے ہیں

(યઝીદે પૂછ્યું કે, “શું આજે મિઝાજ ખરાબ છે?” હિન્દ બોલી કે, “હા, આજે મારા દિલમાં દર્દ છે. તારી સત્તામાં તો જુલ્મો–સિતમનો રિવાજ પડી ગયો છે. હું મારા જિગરના જખ્મનો શું ઈલાજ કરું? તારા માટે તો ખુશી છે, જ્યારે મારા પર તો સદમા ગુજરી રહ્યા છે. એ લોકો કોણ છે કે જેઓ રાતોમાં ફરિયાદ કરે છે?)

بتلا یہ سب اسیر مسلماں ہیں یا نہیں — قوم ان کی کیا ہے صاحب ایماں ہیں یا نہیں
۷
محبوبِ کبریا کے ثناخواں ہیں یا نہیں — آیا یہ لوگ قائل قرآں ہیں یا نہیں
سنتی ہوں بے کس ان سے نہ ہوں گے زمانے میں
یہ کس خطا پہ بند ہوئے قید خانے میں

(બતાવ કે આ બધાં કેદીઓ મુસલમાન છે કે નહીં? એમની કોમ કઈ છે? તેઓ ઈમાનદાર છે કે નહીં? તેઓ મહબૂબે કિબ્રિયા (રસૂલલ્લાહ) (સ.)ની પ્રશંસા કરનારા છે કે નહીં? શું આ લોકો કુરઆનને માનનારા છે કે નહીં? સાંભળ્યું છે કે દુનિયામાં તેમના જેવું કોઈ બેકસ નહીં હોય. તેઓ કયા અપરાધમાં કેદખાનામાં કેદ કરવામાં આવ્યાં છે?”)


ZAHAB
JEWELLERS
હવે, ધોળકા અને
હિંમતનગર શહેરમાં
ભવ્ય શો-રૂમ સાથે
જ્યાં ભરોસો, ભવ્યતા
અને શણગારની દુનિયા
Zahab Jewellers
100%
100%
+91 99254 22977
દુકાન નંબર બી6-બી7-બી8 ગ્રાઉન્ડ ફ્લોર, શાંતમ-7,
આર.ટી.ઓ. સર્કલ પાસે, હિંમતનગર, સાબરકાંઠ,
ગુજરાત-383001
+91 95371 12977
ગ્રોઉન્ડ ફ્લોર, અમન કોમ્પ્લેક્સ, અમન પાર્ક
પાસે, બાલાસ ચોકડી, ધોળકા-બાવળા હાઈવે,
ધોળકા, ગુજરાત-382225
સ્થાપક: અકબરઅલી આઈ. ચારોલીયા (સેદ્રાણા)
www.zahabjewellers.com

سیرت ائمہ اہلبیتؑ

# સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)

(જિલ્દ -૧)

ઉર્દૂમાંથી અનુવાદ:
જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

અલ્લામા સૈયદ હાશિમ માઅરૂફ હસની

**હઝરત અલી (અ.) હુનૈનની લડાઈમાં**

હજુ તો રસૂલે અકરમ (સ.) મક્કામાં જ હતા ત્યાં તો મક્કા અને તાઈફ વચ્ચે આવેલ હુનૈનના યહૂદી કબીલા બની હવાઝિને ચળવળ ચાલુ કરી દીધી, કેમ કે તેઓ ફત્હે મક્કાના કારણે બેચેન થઈ ગયા હતા. તેમને ડર હતો કે ક્યાંક તેઓ લશ્કર સાથે તેમના ઉપર એકાએક હુમલો ન કરી દે કે જેમની સામે કુરૈશ પોતાની મહાનતા અને તાકાત હોવા છતાં નતમસ્તક થઈ ગયા હતા. તેમનો વિચાર હતો કે જો રસૂલે અકરમ (સ.)એ આવું કર્યું, તો તેમની કોઈ હેસિયત રહેશે નહીં. જ્યારથી રસૂલે અકરમ (સ.) અને બુતપરસ્તોની વચ્ચે લડાઈ ચાલુ હતી, ત્યારથી તેઓ આ લડાઈથી એટલા માટે દૂર રહ્યા હતા કે મોહંમદ (સ.) કુરૈશ ઉપર વર્ચસ્વ ધરાવી શકે નહીં અને પોતાનો હેતુ પ્રાપ્ત કરી શકે નહીં.

તેથી બની હવાઝિન, બની સકીફ અને અરબના મુશરિકોમાંથી તેમના સાથીઓએ સાધન–સરંજામ સાથે લડાઈની તૈયારી કરી લીધી. તેઓ એક બાહોશ લશ્કર સાથે રસૂલે અકરમ (સ.) સાથે લડવા માટે નીકળ્યા.

તેમની સંખ્યા મુસલમાનોના લશ્કર કરતાં ત્રણ–ગણી વધારે હતી. જ્યારે આપ (સ.)ને તેમના સાહસની જાણ થઈ, તો આપ (સ.) બાર હજાર લોકો સાથે મક્કાથી નીકળ્યા. આપ (સ.)ની સાથે તે મક્કાવાળા પણ હતા કે જેમનાં દિલોમાં હજુ તો ઈસ્લામ દાખલ થયો ન હતો. તે પોતાના શિર્કને છૂપું રાખતા હતા અને તેમનો ઈસ્લામ ફક્ત દેખાવ પૂરતો હતો, જેમ કે અબૂ સુફયાન અને એવા જ બીજા માણસો. તેઓમાંથી કેટલાક તો માલે ગનીમત અને લૂંટમારની ઈચ્છા ધરાવતા હતા અને કેટલાક તો એવા હતા કે જેમને રસૂલે અકરમ (સ.)ની તરફ એટલા માટે આકર્ષણ હતું કે જ્યારે આપ (સ.)ને તાકાત મળી જશે અને આપ (સ.)ની સ્થિતિ મજબૂત થઈ જશે, તો ફત્હનાં ફળોમાં આપ (સ.)ની સાથે તેઓ પણ ભાગીદાર રહેશે.

રસૂલે અકરમ (સ.)નું લશ્કર મક્કાથી એવી રીતે રવાના થયું કે આગળ આગળ ઘોડા અને ઊંટ, સામાન અને ખાવાપીવાની વસ્તુઓ લઈને

ચાલતા હતા, મુહાજિરીનનો અલમ અલી ઈબ્ને અબી તાલિબ (અ.)ના હાથમાં હતો અને બીજા અલમ દરેક ટુકડીના સેનાપતિ અને દરેક કબીલાના સરદારની પાસે હતા. જ્યારે બની હવાઝિનને ખબર પડી કે રસૂલે અકરમ (સ.) પોતાના લશ્કર સાથે તેમની સામે લડવા માટે મક્કાથી ચાલી નીકળ્યા છે, તો તેમણે મુસલમાનો ઉપર એવા સમયે હુમલો કરવાની યોજના બનાવી કે જ્યારે તે ગફલતમાં હોય. તેથી તે તહામાની એક ખીણના નીચાણવાળા વિસ્તારમાં એવી રીતે સંતાઈને બેસી ગયા કે ત્યાંથી મુસલમાનોને નાસીને જવાનો રસ્તો ન મળે.

રાવીઓ અને ઈતિહાસકારોએ જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ અન્સારી (રઝી.)થી રિવાયત કરી છે કે તેમણે કહ્યું, "જ્યારે અમે હુનૈનની ખીણમાં પહોંચ્યા, તો સવારના અંધારામાં તહામાનો ઢાળ ઊતરતા હતા. દુશ્મનો અમારા પહેલાં ત્યાં પહોંચીને તેના એક સાંકડા અને ઢોળાવવાળા રસ્તામાં ઘાત લગાવીને બેસી ગયા હતા. અમે દુશ્મનો તરફ એ વિચારે આગળ વધી રહ્યા હતા કે તેમને સવાર પડતાં જ દબોચી લઈશું, તેના પહેલાં કે તેઓ પોતાની તૈયારી કરી શકે. અમે એ જ વિચારમાં ચાલી રહ્યા હતા કે એવામાં બની હવાઝિન અને બીજા અરબ લોકો કે જે તેમની સાથે હતા, એક માણસ પર તૂટી પડે તેમ દરેક બાજુએથી મુસલમાનો ઉપર તૂટી પડ્યા. તેઓ અમારા લશ્કરમાં ઘૂસીને તલવારો અને નેઝાઓથી વાર કરવા લાગ્યા. અમે લોકો સામસામે લડાઈ કરવા લાગ્યા અને મુસલમાનો ભયભીત થઈ ગયા. તેથી બધા જ રસૂલે અકરમ (સ.) પાસેથી એવા નાઠા કે પાછું વળીને જોયું પણ નહીં. બસ આપ (સ.) અને આપ (સ.)ની સાથે અલી ઈબ્ને અબી તાલિબ (અ.), હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ, અબૂ સુફ્યાન ઈબ્ને હારિસ અને ઉસામા ઈબ્ને ઝૈદ જ પોતાની જગ્યાએ ટકી રહ્યા.

શેખ મુફીદે 'અલ ઈર્શાદ'માં રિવાયત કરી છે કે રસૂલે અકરમ (સ.)ની સાથે ફક્ત દસ માણસો રહી ગયા હતા, જેમનામાંથી નવ બની હાશિમ અને એક અયમન ઈબ્ને ઉમ્મે અયમન હતા. અયમન કતલ થઈ ગયા, તો ફક્ત નવ સાબિતકદમ રહ્યા. બાકી બધા જ નાસી ગયા. જો કે, રસૂલે અકરમ (સ.) તેમને પોકારતા રહ્યા કે, "અય લોકો! હું અલ્લાહનો રસૂલ મોહંમદ ઈબ્ને અબ્દુલ્લાહ છું." પરંતુ કોઈએ જવાબ ન આપ્યો.

યાકૂબીએ પોતાની તારીખના બીજા ભાગમાં શેખ મુફીદની આ રિવાયતની પુષ્ટિ કરી છે. અલબત્ત, સીરતે હલબીયાના લેખકે કહ્યું છે, "જ્યારે હુનૈનમાં રસૂલે અકરમ (સ.)ની પાસેથી લોકો ભાગ્યા, તો ચાર માણસોના સિવાય બીજા કોઈ પણ સાબિતકદમ રહ્યા નહીં. તેમનામાંથી ત્રણ બની હાશિમ હતા, એટલે કે અલી ઈબ્ને અબી તાલિબ (અ.), અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ અને આ બન્ને રસૂલે અકરમ (સ.)ની સામેથી

દુશ્મનોને ભગાડી રહ્યા હતા. ત્રીજા અબૂ સુફયાન ઈબ્ને હારિસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ હતા કે જે રસૂલે અકરમ (સ.)ના ખચ્ચરને પકડેલા હતા. ચોથા ઈબ્ને મસ્ઊદ કે જે રસૂલે અકરમ (સ.)ની ડાબી બાજુએ હતા. આના વિષે અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ કરી:

لَقَدْ نَصَرَكُمُ اللّٰهُ فِيْ مَوَاطِنَ كَثِيْرَةٍ ۙ وَّيَوْمَ حُنَيْنٍ ۙ اِذْ اَعْجَبَتْكُمْ كَثْرَتُكُمْ فَلَمْ تُغْنِ عَنْكُمْ شَيْـًٔا وَّضَاقَتْ عَلَيْكُمُ الْاَرْضُ بِمَا رَحُبَتْ ثُمَّ وَلَّيْتُمْ مُّدْبِرِيْنَ ﴿٢٥﴾ ثُمَّ اَنْزَلَ اللّٰهُ سَكِيْنَتَهٗ عَلٰى رَسُوْلِهٖ وَعَلَى الْمُؤْمِنِيْنَ

*((અય મુસલમાનો!) ખરેખર અલ્લાહે ઘણી જગ્યાએ તમારી મદદ કરી અને (ખાસ કરીને) હુનૈન(ની લડાઈ)ના દિવસે કે જ્યારે તમારી બહુમતીનો તમને ઘમંડ હતો, પરંતુ તે તમારા કાંઈ કામમાં ન આવી અને જમીન વિશાળ હોવા છતાં તમારા માટે સંકોચાઈ ગઈ અને તમે પીઠ ફેરવીને ભાગી ગયા. પછી અલ્લાહે પોતાની સકીના તેના રસૂલ તથા મોમિનો ઉપર નાઝિલ કરી.)*

(સૂરા તૌબા, આયત–૨૫,૨૬)

'અલ ઈર્શાદ'માં શેખ મુફીદ એવો વિચાર જાહેર કરે છે કે આયતમાં મોમિનીનનો અર્થ હઝરત અલી (અ.) અને બની હાશિમના એ લોકો છે કે જે આપ (સ.)ની સાથે તે સમયે સાબિતકદમ રહ્યા, જેનાથી વધારે મુશ્કેલ અને વધારે જોખમી સમય રસૂલે અકરમ (સ.) ઉપર પસાર થયો નથી.

ઈતિહાસકારો તે વાત ઉપર સહમત છે કે હઝરત અલી (અ.) અને ઘણાખરા બની હાશિમ તે કઠીન સમયમાં રસૂલે અકરમ (સ.)ની સાથે સાબિતકદમ રહ્યા અને હઝરત અલી (અ.) વિફરેલા સિંહની માફક જમણે–ડાબે પોતાની તલવાર ચલાવી રહ્યા હતા. જે પણ રસૂલે અકરમ (સ.)ની નજીક આવતો, તેઓ પોતાની તલવારથી તેના ટુકડા કરી નાખતા હતા. તે રીતે ઈતિહાસકારો તે વાતની પણ સહમતી ધરાવે છે કે આવા લોકોની એક જમાઅત કે જેમણે મક્કામાં દેખીતી રીતે ઈસ્લામ કબૂલ કરી લીધો હતો, જેમ કે અબૂ સુફયાન ઈબ્ને હર્બ, શૈબા ઈબ્ને અબી તલ્હા, વગેરે ઉજવણી કરવા લાગ્યા. તેથી અબૂ સુફયાન તેના દિલમાં રહેલા શિર્ક અને બુતોની ઈબાદત ઉપર સ્થાપિત રહેવાની ઈચ્છાને છૂપી રાખી ન શક્યો અને કહેવા લાગ્યો કે, કસમ છે તેની કે જેના નામે અબૂ સુફયાન સોગંદ લે છે! તેઓ ભાગતાં જ રહેશે, ભલે ને વચ્ચે સમુદ્ર આવી જાય! તેના મોઢા ઉપર દ્વેષપૂર્ણ હાસ્ય હતું જે તેના દિલની ખુશી જાહેર કરી રહ્યું હતું. આ રીતે તેણે બુતોથી અકીદત જાહેર કરી દીધી. તેની સાથે જ કલ્દા ઈબ્ને હંબલ અથવા એક કોલ મુજબ જબલા ઈબ્ને જુનૈદ પણ હસ્યો અને કહેવા લાગ્યો, "હવે મોહંમદ (સ.)નો જાદુ તૂટ્યો." શૈબા ઈબ્ને અબી તલ્હા કે જેને થોડા દિવસો પહેલાં જ રસૂલે અકરમ (સ.)એ ઈજ્જત આપી હતી અને તેના ભાઈ ઉસ્માન ઈબ્ને અબી તલ્હાને કા'બાની ચાવીઓ પાછી આપી હતી, અને આ રીતે તેને

બધા મક્કાવાળાઓ ઉપર સન્માન આપ્યું હતું, જ્યારે તેણે જોયું કે મુસલમાન રસૂલે અકરમ (સ.) ની પાસેથી ભાગી ગયા છે અને આપ (સ.) બની હાશિમના થોડાક માણસોની વચ્ચે એકલા ઊભેલા છે, તો કહેવા લાગ્યો, “આજે હું મોહંમદ (સ.)થી મારો બદલો લઈશ.” ખુશીની અને પ્રસન્નતાની આવી જ અસરો મક્કાના તે બધા કુરૈશીઓના ચહેરાઓ ઉપર સ્પષ્ટ હતી કે જેમણે થોડા જ સમય પહેલાં ઈસ્લામ જાહેરમાં કબૂલ કરી લીધો હતો.

આ બાજુ સફ્વાન ઈબ્ને ઉમય્યા પણ હતો કે જે હજુ સુધી શિર્ક ઉપર સ્થાપિત હતો અને અબૂ સુફ્યાન, શૈબા અને જબલા ઈબ્ને જુનૈદની માફક જાહેરમાં પણ ઈસ્લામ લાવ્યો ન હતો, તેને રસૂલે અકરમ (સ.) અને આપ (સ.)ના સહાબીઓ ઉપર મુસીબત આવવાથી ઘણો ગુસ્સો આવ્યો અને તેનો શિર્ક તેમાં અવરોધરૂપ ન થયો. તેણે જબલા ઈબ્ને જુનૈદને કહ્યું, “ચૂપ રહે, અલ્લાહ તારા મોઢાને કાળું કરે.” પછી તેણે અબૂ સુફ્યાન તરફ આકર્ષિત થઈને કહ્યું, “અય અબૂ હંઝલા! મને બની હવાઝિનમાંથી કોઈના ગુલામ બનવા કરતાં એ વાત વધુ પસંદ છે કે હું કુરૈશના કોઈ માણસનો ગુલામ બની જાઉં.”

અબૂ સુફ્યાનનો દ્વેષ નકામો ગયો અને તે લડાઈથી સંકળાયેલી તેની આશાઓ રાખમાં મળી ગઈ, કેમ કે અલ્લાહ તઆલાએ મુસલમાનોને ન તો છોડી દીધા કે ન તેમની હાર વધારે સમય સુધી કાયમ રહી, જેવું કે અબૂ સુફ્યાન, વગેરે સમજી રહ્યા હતા કે આ લોકો નાસતા નાસતા સમુદ્ર સુધી પહોંચી જશે. રસૂલે અકરમ (સ.), હઝરત અલી (અ.) અને આપ (સ.)ના સાથીઓએ સાબિતકદમીથી કામ લીધું અને સવાર પડતાં પડતાં લડાઈનું પાસું મુસલમાનો તરફ પલટાવા લાગ્યું. રસૂલે અકરમ (સ.)ના હુકમથી હઝરત અબ્બાસે બૂમ પાડીને કહ્યું, “અય વૃક્ષની નીચે બૈઅત કરવાવાળાઓ! અય બૈઅતે રિઝ્વાનવાળાઓ! અલ્લાહ અને તેના રસૂલ (સ.)થી દૂર ક્યાં ભાગી રહ્યા છો?” તેથી તે લોકો ભેગા થવા લાગ્યા એટલે સુધી કે રસૂલે અકરમ (સ.)ની પાસે લગભગ એકસો માણસો ભેગા થઈ ગયા. તેઓ પોતાની તલવારોથી અને નેઝાઓથી બની હવાઝિન ઉપર પૂરની જેમ આવતાં જૂથો ઉપર તૂટી પડ્યા અને ધીરે ધીરે બન્ને જમાઅતોમાં લડાઈનો વિસ્તાર વિસ્તૃત થતો ગયો, કેમ કે દુશ્મનની તલવારો અને નેઝાઓની દિશા રસૂલે અકરમ (સ.) તરફ હતી.

એટલામાં દુશ્મનનો સેનાપતિ જર્વલ સામનો કરવા નીકળ્યો. તબરીના મતે તેણે તલવારની સારી કાબેલિયત દેખાડી હતી એટલા માટે લોકો તેનાથી પાછા પડતા હતા, પરંતુ હઝરત અલી (અ.) તેની સામે ગયા અને તેને કતલ કરી દીધો. હવે તો તે લોકોનાં દિલોમાં ભય બેસી ગયો. આ બાજુ મુસલમાનોની હિંમત બંધાઈ ગઈ. ખાસ કરીને

જ્યારે તેમણે જોયું કે રસૂલે અકરમ (સ.) જાતે પોતાના ખચ્ચર ઉપર સવાર થઈને મુશરિકોની તરફ આગળ વધીને તેમને પોતાની તલવારથી મારી રહ્યા છે અને કહેતા જઈ રહ્યા છે: أَنَا النَّبِيُّ لَا كَذِبْ (હું નબી છું, તેમાં કાંઈ જૂઠ નથી.) أَنَا ابْنُ عَبْدِ الْمُطَّلِبْ (હું છું અબ્દુલ મુત્તલિબનો ફરઝંદ!)

જ્યારે બન્ને લશ્કરોમાં ઘમસાણ લડાઈ થવા લાગી, તો રસૂલે અકરમ (સ.)એ ફરમાવ્યું, "હવે આ ભઠ્ઠી ગરમ થઈ છે." તે સમયે હઝરત અલી (અ.) આપ (સ.)ની જમણી અને ડાબી એમ બન્ને બાજુએ દુશ્મન ઉપર હુમલા કરીને માથાં ઉપર માથાં કાપી રહ્યા હતા અને બહાદુરોનો ઢગલો કર્યે જતા હતા, એટલે સુધી કે શેખ મુફીદ, વગેરેની રિવાયત મુજબ, તેમણે દુશ્મનોના ચાલીસ બહાદુરોને મારી નાખ્યા. ઘણાખરા મુસલમાનો લડાઈના મેદાનમાં પાછા આવ્યા. અલબત્ત, કેટલાક તે સમય સુધી પાછા ન આવ્યા, જ્યાં સુધી એ સંતોષ ન કરી લીધો કે લડાઈ મુસલમાનોના હકમાં છે.

સવારનો પ્રકાશ પ્રસરવા પણ ન પામ્યો હતો કે મેદાન લડાઈની તીવ્રતાથી ધ્રૂજવા લાગ્યું. તે સમયે રસૂલે અકરમ (સ.)એ એક મુઠ્ઠી ભરીને માટી ઉપાડીને હઝરત અલી (અ.)ને આપી. જેમ કે હયસમીએ 'જામેઅ'માં અને ખતીબે 'તારીખે બગદાદ'માં જણાવ્યું છે, હઝરત અલી (અ.)એ તે માટીને મુશરિકો તરફ ફેંકી દીધી. રસૂલે અકરમ (સ.) ફરમાવતા જતા હતા, "ચહેરા બરબાદ થઈ ગયા." પછી આપ (સ.) મુસલમાનોને લઈને દુશ્મનો તરફ આગળ વધ્યા. આપ (સ.)ની આગળ આગળ હઝરત અલી (અ.) હતા. આપ (સ.)ની ચારે બાજુ બની હાશિમના તે લોકો હતા કે જે અંધારાના શરૂઆતના કલાકોમાં આપ (સ.)ની સાથે અડગ રહ્યા હતા. જો તે ન હોત તો આ લડાઈ એક એવા પરિણામે સમાપ્ત થાત કે જેનો વિચાર મુશરિકો પોતે પણ ન કરી શક્યા હશે. થોડા જ કલાકોમાં આ લડાઈ બની હવાઝિન અને સાથીઓની હાર ઉપર સમાપ્ત થઈ. તેઓ પોતાની સ્ત્રીઓ, પોતાનાં બાળકો અને પોતાની માલમિલ્કત બધું મુસલમાનોના ભરોસે મૂકી ગયા. આ રીતે અલ્લાહ તઆલાએ તે જીતને સંપૂર્ણતા સુધી પહોંચાડી દીધી કે જેનું વચન તેણે પોતાના નબી (સ.)ને આપ્યું હતું. રસૂલે અકરમ (સ.) તે લડાઈથી ફતેહમંદ થઈને સન્માનપૂર્વક પાછા આવ્યા. જો કે, તેના પ્રથમ તબક્કામાં લોકો ગભરાઈ ગયા હતા અને ઘણા મૂંઝાઈ ગયા હતા. તેમ જ કમજોર ઈમાનવાળાઓએ અલ્લાહના માટે જાતજાતના વિચારો કરવા શરૂ કરી દીધા હતા. હવે દરિયાની હદો સુધી બની હવાઝિનની હારથી અબૂ સુફયાનની આશાઓ માટીમાં મળી ગઈ, કેમ કે તે રસૂલે અકરમ (સ.) અને આપ (સ.)ના સહાબીઓ માટે આવી હારની ઈચ્છા અને આશા રાખી રહ્યો હતો. (ક્રમશ:)

AHAD™ SOLARTECH

# સોલાર અપનાવીએ, વિજબીલ બચાવીએ.

- ₹ 3000/- ના સરળ હપ્તે
- મેળવો ₹ 78,000/- સબસિડી
- શુન્ય ડાઉન પેમેન્ટ

5 વર્ષનો અનુભવ

5 STARS Rating on Google

અનુભવ

| | | |
|---|---|---|
| 2,200+ ગ્રાહકો | 5+ વર્ષ અનુભવ | 3+ રાજ્યોમાં કરેલા કામ |

| | |
|---|---|
| 2,600+ આજ સુધી કરેલા પ્રોજેક્ટ | 25,000+ આજ સુધી લગાવેલા કિલોવોટ |



**+91 84011 03129 | +91 97234 59440**

**અહદ સોલારટેક**, બી-103, શાંતમ-7, આર.ટી.ઓ. સર્કલ પાસે, હિંમતનગર, સાબરકાંઠા, ગુજરાત - 383001

# અલ ઈર્શાદ

લેખક : શેખ મુફીદ ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

## ઇમામ મોહંમદ ઇબ્ને અલી અલ જવાદ (અ.)

### ઝિક્રે નસ (નિમણૂક): ઈમામતનું પદ સંભાળવું

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદે મોહંમદ ઈબ્ને યાકૂબના હવાલાથી અને તેમણે તેમના ઘણા સાથીઓના હવાલાથી, તેમણે અહમદ ઈબ્ને મોહંમદના હવાલાથી, તેમણે જાફર ઈબ્ને યહ્યાના હવાલાથી, તેમણે માલિક ઈબ્ને અશ્યમના હવાલાથી, તેમણે હુસૈન ઈબ્ને બશ્શારના હવાલાથી જણાવ્યું છે,

ઈબ્ને કયામા અલ વાસિતીએ એક કાગળ અબુલ હસન અલી રઝા (અ.)ને મોકલ્યો કે જેમાં એવું પૂછ્યું હતું કે, "આપ આપના પછી કોને ઈમામ નિમવાના છો, જ્યારે કે હજુ આપને કોઈ ઓલાદ નથી?"

અબુલ હસન ઈમામ રઝા (અ.)એ જવાબ આપ્યો કે, "તમને એવું કેમ લાગે છે કે મારે કોઈ ઓલાદ નહીં થાય? થોડાક દિવસો અને થોડીક રાત્રીઓ રહી ગઈ છે. પછી અલ્લાહ મને એક બેટો આપશે કે જે હકને બાતિલથી જુદું પાડશે."

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદે મોહંમદ ઈબ્ને યાકૂબના હવાલાથી, તેમણે તેમના કેટલાક સાથીઓના હવાલાથી, તેમણે મોહંમદ ઈબ્ને અલીના હવાલાથી, તેમણે મુઆવિયા ઈબ્ને હુકૈમના હવાલાથી, તેમણે ઈબ્ને અબી નસ્ર બિઝન્તીના હવાલાથી જણાવ્યું છે કે તેઓ કહેતા હતા કે,

ઈબ્ને નજ્જાશીએ મને (ઈબ્ને અબી નસ્રને) પૂછ્યું, "હાલના ઈમામ પછી તમારા ઈમામ કોણ થશે?" આ પ્રશ્ન સાંભળીને હું ઈમામ અલી રઝા (અ.)ની સેવામાં હાજર થયો અને આ જ પ્રશ્ન આપ (અ.)ને પૂછ્યો. આપ (અ.)એ જવાબ આપ્યો, "મારા પછી મારો ફરઝંદ ઈમામ થશે. શું કોઈ માણસ કે જેને કોઈ ફરઝંદ ન હોય અને તે કહે કે, 'મારો ફરઝંદ', તો શું તે ખોટી જુર્રત કરી હોય તેવું પ્રતિત થાય છે?"

તે સમયે અબૂ જાફર (મોહંમદ ઈબ્ને જવાદ (અ.))ની વિલાદત નહોતી થઈ, પરંતુ થોડાક જ દિવસો વિત્યા પછી અમને સમાચાર મળ્યા કે આપ

(અ.)ની વિલાદત થઈ ગઈ છે.

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદે મોહંમદ ઈબ્ને યાકૂબના હવાલાથી, તેમણે અહમદ ઈબ્ને મેહરાનના હવાલાથી, તેમણે મોહંમદ ઈબ્ને અલીના હવાલાથી, તેમણે કયામા ઈબ્ને વાસિતીના હવાલાથી જણાવ્યું કે તેઓ કહેતા હતા કે,

"હું, ઈબ્ને કયામા, ઈમામ અલી ઈબ્ને મૂસા રઝા (અ.)ને મળવા ગયો અને તેમને પૂછ્યું કે, "શું (એક જ સમયે) બે ઈમામ હોઈ શકે છે?"

"ના," આપ (અ.)એ જવાબ આપ્યો. "એવું ત્યારે જ થઈ શકે છે કે જ્યારે એક ઈમામ સામિત (મૌન) હોય."

"તો પછી એવું કેમ છે કે આપની પાસે કોઈ ખામોશ (ઈમામ) નથી," મેં પૂછ્યું.

"બેશક, અલ્લાહ મને જલ્દીથી બેટો આપશે કે જે હકની અને હકવાળાઓની પુષ્ટિ કરશે અને બાતિલ અને બાતિલવાળાઓનો ઈન્કાર કરશે."

તે સમય સુધી આપ (અ.)ને કોઈ ઓલાદ ન હતી, પરંતુ એક વર્ષ પછી અબૂ જાફર જવાદ (અ.) ની વિલાદત થઈ.

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદે, મોહંમદ ઈબ્ને યાકૂબના હવાલાથી, તેમણે અહમદ ઈબ્ને મેહરાનના હવાલાથી અને તેમણે હસન ઈબ્ને જહમના હવાલાથી જણાવ્યું કે તેઓ કહેતા હતા કે,

હું, હસન ઈબ્ને જહમ, અબુલ હસન રઝા (અ.)ની પાસે બેઠો હતો. આપ (અ.)એ આપ (અ.)ના ફરઝંદને બોલાવ્યા કે જેઓ હજી નાના હતા. આપ (અ.)એ ફરઝંદને મારી ગોદમાં બેસવાનું કહ્યું. પછી મને હુકમ આપ્યો કે બાળકની ખમીસ ઉતારી નાખો. મેં તે ઉતારી દીધી. પછી મને કહ્યું કે બાળકના બન્ને ખભાની વચ્ચે જુઓ. મેં ઝીણવટથી જોયું તો એક ખભા ઉપર એવું લાગતું હતું કે ત્યાં કોઈ મહોર લાગેલી છે. આપ (અ.)એ મને પ્રશ્ન કર્યો કે, તમે આ જોયું? આ જ રીતની મહોર મારા વાલિદના ખભા પર પણ હતી.

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદે મોહંમદ ઈબ્ને યાકૂબના હવાલાથી, તેમણે અહમદ ઈબ્ને મેહરાનના હવાલાથી, તેમણે મોહંમદ ઈબ્ને અલીના હવાલાથી, તેમણે અબૂ યહ્યા સન્આનીના હવાલાથી જણાવ્યું કે તે કહેતા હતા,

"હું, અબૂ યહ્યા સન્આની, એક દિવસ અબુલ હસન રઝા (અ.)ની સાથે હતો. આપ (અ.) ના ફરઝંદ અબૂ જાફર (અલ જવાદ) (અ.) કે જે ઘણા નાના હતા, તેમને ત્યાં લાવવામાં આવ્યા. ઈમામ રઝા (અ.)એ ઈર્શાદ ફરમાવ્યો, "આ બાળક કે જે થોડા સમય પહેલાં જન્મ્યો છે, તે બધા શીઆઓમાં શ્રેષ્ઠ છે."

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદે, મોહંમદ ઈબ્ને યાકૂબના હવાલાથી, તેમણે હસન ઈબ્ને મોહંમદના હવાલાથી, તેમણે ખૈરાનીના હવાલાથી બયાન કર્યું કે મારા વાલિદ કહેતા હતા કે,

"હું, ખૈરાનીનો વાલિદ, અબુલ હસન રઝા

(અ.)ની નજીક ઊભો હતો કે તે સમયે તે લોકો ખુરાસાનમાં હતા, એવામાં એક માણસે આવીને પ્રશ્ન કર્યો, “આકા! જો (આપને) કંઈ થઈ જશે તો ઈમામ કોણ હશે?”

“મારા આ ફરઝંદ અબૂ જાફર અલ જવાદ,” ઈમામ (અ.)એ જવાબ આપ્યો.

તે માણસે જણાવ્યું છે કે તે સમયે અબૂ જાફર અલ જવાદ (અ.)ની ઉંમર ઘણી ઓછી હતી. તેથી અબુલ હસન રઝા (અ.)એ વધુમાં ફરમાવ્યું કે, “અલ્હમ્દોલિલ્લાહ, મરયમના બેટા ઈસાને અલ્લાહે પયગમ્બર બનાવીને મોકલ્યા હતા, કે જે શરીઅતવાળા રસૂલ હતા. જ્યારે તેમણે રિસાલતની તબ્લીગ શરૂ કરી, તે સમયે તેમની ઉંમર અબૂ જાફર અલ જવાદથી પણ ઓછી હતી.”

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદે, મોહંમદ ઈબ્ને યાકૂબના હવાલાથી, તેમણે અલી ઈબ્ને મોહંમદના હવાલાથી, તેમણે સહલ ઈબ્ને ઝિયાદના હવાલાથી, તેમણે મોહંમદ ઈબ્ને વલીદના હવાલાથી, તેમણે યહ્યા ઈબ્ને હબીબ ઝૈયતના હવાલાથી જણાવ્યું કે તે કહેતા હતા કે,

“એક માણસ અબુલ હસન રઝા (અ.)ની પાસે બેઠેલો હતો. તેણે મને જણાવ્યું કે તે સમયે ઈમામ રઝા (અ.)ની પાસે કેટલાક લોકો હતા. જ્યારે તે લોકો જવાની તૈયારીમાં હતા, તો ઈમામ (અ.)એ તેમને કહ્યું, “આમનાથી મળો. આ અબૂ જાફર અલ જવાદ છે. તેમને સલામ કરો.”

જ્યારે લોકો ઊભા થયા, ત્યારે ઈમામ (અ.) એ મને સંબોધીને કહ્યું, “અલ્લાહ મુફઝ્ઝલ (ઈબ્ને ઉમર) પર રહેમ કરે, કારણ કે તેઓએ કોઈ દલીલ વિના મારી વાત સ્વીકારી લીધી હોત.”

*રિવાયતમાં છે કે કુરૈશે પોતાના બુતો સફા અને મર્વા વચ્ચે મૂકી દીધા હતા, અને જ્યારે તેઓ સઈ કરતા હતા તો તેમના ઉપર હાથ ફેરવતા હતા. પછી જ્યારે રસૂલલ્લાહ (સ.)ની સાથે ગઝવએ હુદૈબિયાની ઘટના ઘટી, અને કુરૈશે રસૂલલ્લાહ (સ.)ને ખાનાએ કા'બા પાસે જવાથી રોક્યા, અને આપ (સ.)ને એ ખાતરી આપી કે તેઓ આપ (સ.) માટે આવતા વર્ષે ખાનાએ કા'બાને એટલા સમય સુધી બુતોથી ખાલી કરી આપશે કે આપ (સ.) ત્રણ દિવસ સુધી ઉમરાએ કઝાને અદા કરી શકો, અને ખાનાએ કા'બામાંથી બહાર નીકળી શકો, તો જ્યારે હિ.સ. ૭માં ઉમરાએ કઝા થયો તો આપ (સ.) મક્કામાં દાખલ થયા, અને કુરૈશને ફરમાવ્યું કે, "તમે તમારા બુતોને હટાવી દો એટલા સમય સુધી કે હું સઈ કરી શકું," એટલે કુરૈશે બુતોને હટાવી દીધા.* [1]

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૨, સફ્હા–૮૩


KFB Milcano™
भारत का अपना टेस्ट
મિલ્કેનો ડેરી
એટલે...
મધુર સ્વાદ ની
ઓળખ
Maska Dahi
TEA SPECIAL MILK
ટી સ્પેશ્યલ દૂધ
Masala Butter Milk
COW GHEE
Desi Ghee
Cooking Cream
WHITE CHOCOLATE Spread
COCOA WITH ALMOND Spread
TAAZA milk
GOLD milk
PROCESSED CHEESE
Delight
Malai Paneer
Dairy Cream
Eggless MAYONNAISE
PASTEURISED BUTTER SALTED
Lassi
Chocolate
Kesar
અમારી પ્રોડક્ટ્સ
દૂધ, દહીં, છાશ, બટર, પનીર, લસ્સી, કોફી, ક્રીમ, શુદ્ધ ઘી,
ગાયનું ઘી, ચીઝ, શ્રીખંડ, માયોનીઝ, ચોકલેટ અને આઈસ્ક્રીમ
KAUSERY FOOD N BEVERAGES PVT. LTD.
Survey No. 116, Village-Sadikpur, Ta-Kheralu, Mehsana, Gujarat-384325.
Mo: +91 76005 09129 | For Orders: +91 72270 78564 / 65
વ્યાપારી પૂછપરછ આવકાર્ય

# مصباح الشريعة

# મિસ્બાહુશ્શરીઆ

અનુવાદકઃ હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)
હાજરપીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદે.)

## اَلْبَابُ التَّاسِعُ فِى الرِّعَايَةِ

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ: مَنْ رَّعٰى قَلْبَهٗ عَنِ الْغَفْلَةِ وَنَفْسَهٗ عَنِ الشَّهْوَةِ وَعَقْلَهٗ عَنِ الْجَهْلِ فَقَدْ دَخَلَ فِىْ دِيْوَانِ الْمُتَنَبِّهِيْنَ، ثُمَّ مَنْ رَّعٰى عِلْمَهٗ عَنِ الْهَوٰى وَدِيْنَهٗ عَنِ الْبِدْعَةِ وَمَالَهٗ عَنِ الْحَرَامِ فَهُوَ مِنْ جُمْلَةِ الصَّالِحِيْنَ.

## બાબ – ૯: દેખભાળ / કાળજી વિષે

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "જેણે ગફલતથી પોતાના દિલની, અને શહવતથી પોતાના નફસની, અને જેહાલતથી પોતાની અકલની હિફાઝત કરી, તો તે મુતનબ્બેહીન (સાવચેતી રાખનાર લોકો / બોધપાઠ લીધેલા લોકો)ની યાદીમાં શામિલ થઈ ગયો. આટલું કરી લીધા પછી જેણે ઈચ્છાઓથી પોતાના ઈલ્મની, અને બિદઅતથી પોતાના દીનની, અને હરામથી પોતાના માલની હિફાઝત કરી, તો તે સાલેહીનમાં શામિલ થઈ ગયો."

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ: طَلَبُ الْعِلْمِ فَرِيْضَةٌ عَلٰى كُلِّ مُسْلِمٍ وَّمُسْلِمَةٍ وَّهُوَ عِلْمُ الْاَنْفُسِ، فَيَجِبُ اَنْ يَّكُوْنَ نَفْسُ الْمُؤْمِنِ عَلٰى كُلِّ حَالٍ فِىْ شُكْرٍ اَوْ عُذْرٍ عَلٰى مَعْنٰى اِنْ قُبِلَ فَفَضْلٌ وَّاِنْ رُّدَّ فَعَدْلٌ، وَّتُطَالِعَ الْحَرَكَاتِ فِى الطَّاعَاتِ بِالتَّوْفِيْقِ وَتُطَالِعَ السُّكُوْنَ عَنِ الْمَعَاصِىْ بِالْعِصْمَةِ، وَقِوَامَ ذٰلِكَ كُلِّهٖ بِالْاِفْتِقَارِ اِلَى اللّٰهِ

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું કે, "ઈલ્મ હાંસિલ કરવું દરેક મુસલમાન પુરુષ અને સ્ત્રી પર ફરજ છે.

અને તે નફસનું ઈલ્મ છે. વાજિબ છે કે મોમિનનો નફસ દરેક પરિસ્થિતિમાં શુક્ર અથવા ઉઝ્રમાં હોય, એ અર્થમાં કે જો તે શુક્ર અથવા ઉઝ્ર કબૂલ કરવામાં આવે તો તે ફઝલ છે અને જો રદ કરવામાં આવે તો તે અદ્લ છે, (અને એ પણ

تَعَالٰى وَالْاِضْطِرَارِ اِلَيْهِ وَالْخُشُوْعِ وَالْخُضُوْعِ، وَمِفْتَاحُهَا الْاِنَابَةُ اِلَى اللهِ تَعَالٰى مَعَ قَصْرِ الْاَمَلِ بِدَوَامِ ذِكْرِ الْمَوْتِ وَعِيَانِ الْوُقُوْفِ بَيْنَ يَدَيِ الْجَبَّارِ، لِاَنَّ فِيْ ذٰلِكَ رَاحَةً مِّنَ الْحَبْسِ وَنَجَاةً مِّنَ الْعَدُوِّ وَسَلَامَةَ النَّفْسِ، وَسَبَبُ الْاِخْلَاصِ فِي الطَّاعَاتِ التَّوْفِيْقُ، وَاَصْلُ ذٰلِكَ اَنْ يُّرَدَّ الْعُمُرُ اِلٰى يَوْمٍ وَّاحِدٍ.

વાજિબ છે કે) ઈતાઅતમાં દરેક હલનચલનને તૌફીક ગણવામાં આવે અને ગુનાહોની સામે રોકાઈ જવાને ઈસ્મત ગણવામાં આવે. અને આ બધાનો આધાર ખાકસારી અને આજીજીની સાથે અલ્લાહ સામે મોહતાજ બનીને રહેવું અને અલ્લાહની સામે લાચારી દેખાડવી છે. અને આ બધાની ચાવી અલ્લાહનો પૂરેપૂરો આધાર રાખવો છે મહત્વાંકાક્ષાઓને ટૂંકાવવાની સાથે સાથે, સતત મોતને યાદ કરતાં કરતાં અને અલ્લાહ જબ્બારની સામે ઊભા રહેવાને (કયામતના સમયે ઊભા રહેવાને) પોતાની નજરે નિહાળવાની સાથે, અને જબ્બારની સામે ઊભો રહેવાને પોતાની નજર સામે સમજે. કારણ કે આવું કરવાથી કેદથી રાહત છે, દુશ્મનથી નજાત છે, અને નફસની સલામતી છે.

અને ઈતાઅત કરવામાં જે ખુલૂસ પેદા થાય તેનું કારણ (અલ્લાહ તરફથી મળેલ) તૌફીક છે અને તેનું મૂળ એ છે કે પૂરી ઉંમરને એક જ દિવસ તરફ વાળી દેવામાં આવે (મોતના દિવસ તરફ).

قَالَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَاٰلِهٖ: اَلدُّنْيَا سَاعَةٌ فَاجْعَلْهَا طَاعَةً، وَّبَابُ ذٰلِكَ كُلِّهٖ مُلَازَمَةُ الْخَلْوَةِ بِمُدَاوَمَةِ الْفِكْرِ، وَسَبَبُ الْخَلْوَةِ الْقَنَاعَةُ وَتَرْكُ الْفُضُوْلِ مِنَ الْمَعَاشِ، وَسَبَبُ الْفِكْرِ الْفَرَاغُ، وَعِمَادُ الْفَرَاغِ الزُّهْدُ، وَتَمَامُ الزُّهْدِ التَّقْوٰى، وَبَابُ التَّقْوَى الْخَشْيَةُ، وَدَلِيْلُ الْخَشْيَةِ التَّعْظِيْمُ لِلّٰهِ تَعَالٰى وَالتَّمَسُّكُ بِخَالِصِ طَاعَتِهٖ فِيْ

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, "દુનિયા એક ઘડી છે તો તેને અલ્લાહની ઈતાઅત માટે નિશ્ચિત કરી લો."

અને આ બધાનો દરવાજો સતત ચિંતન કરવાની સાથે એકાંતને આવશ્યક બનાવી દેવું છે, અને એકાંતનો રસ્તો કરકસર અને રોજગારની કમાણીમાંથી વધારાની વસ્તુને છોડી દેવું છે, અને ચિંતનનો રસ્તો ફરાગ છે, અને ફરાગનો સ્તંભ

اَوَامِرِهِ،وَالْخَوْفُ وَالْحَذَرُ مَعَ الْوُقُوْفِ عَنْ مَحَارِمِهِ وَدَلِيْلُهَا الْعِلْمُ.

ઝોહદ (ઈબાદતગુઝારી) છે, અને ઝોહદની સંપૂર્ણતા તકવો છે, અને તકવાનો દરવાજો અલ્લાહની સામે કરગરવું છે, અને અલ્લાહની સામે કરગરવાની નિશાની અલ્લાહ તઆલાની તાઝીમ છે અને (બીજી નિશાની એ છે કે) અલ્લાહના હુકમોની ઈતાઅત કરવામાં ખુલૂસની સાથે વળગી રહેવું છે અને (ત્રીજી નિશાની એ છે કે) ખૌફ અને સતર્કતા અલ્લાહની હરામ કરેલી વસ્તુઓથી દૂર રહેવાની સાથે, અને તેની નિશાની ઈલ્મ છે."

قَالَ اللهُ عَزَّ وَجَلَّ: " اِنَّمَا يَخْشَى اللهَ مِنْ عِبَادِهِ الْعُلَمَآءُ."

અલ્લાહ તઆલા ફરમાવે છે, "અલ્લાહના સઘળા બંદાઓમાંથી અલ્લાહથી ડરનારા કેવળ આલિમો જ છે."[1]

1 સૂરા ફાતિર, આયત–૨૮

*ઈમામ હસન અસ્કરી (અ.)એ ફરમાવ્યું છે કે, "અમીરુલ મોમિનીન (અ.)ને પૂછવામાં આવ્યું કે, "અલ્લાહની મખ્લૂકમાં માઅસૂમ ઈમામો પછી સૌથી અફઝલ કોણ છે?" તો આપ (અ.)એ ફરમાવ્યું કે, "આલિમો, જ્યારે કે તેઓ સુધારણા કરે." તો આપ (અ.)ને પૂછવામાં આવ્યું કે, "ઈબ્લીસ, ફિરઓન, સમૂદ અને આપના હક ગસબ કરવાવાળા કરતાં વધારે ખરાબ કોણ છે?" તો આપ (અ.) એ ફરમાવ્યું કે, "આલિમો, જ્યારે કે તેઓ ફસાદ ફેલાવે. આ લોકો એવા છે કે બાતિલની મદદ કરે છે, અને સત્યને છુપાવે છે, અને આમના વિષે અલ્લાહ અઝઝ વ જલ્લે ફરમાવ્યું છે કે,*

أُولَٓئِكَ يَلْعَنُهُمُ اللهُ وَيَلْعَنُهُمُ اللّٰعِنُوْنَ

*(તેઓ જ એ છે કે જેમના ઉપર અલ્લાહ લાનત કરે છે અને લાનત કરનારાઓ પણ લાનત કરે છે)."""[1]*

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૨, સફહા–૮૬



Trusted Since
2014
MARVEL
JEWELLERS
દરેક પ્રસંગની ઉજવણીને
ભવ્ય બનાવો
નવીન અને આકર્ષક
ડીઝાઇન્સ સાથે
વર્ષોનો વિશ્વાસ
100% BIS હોલમાર્ક
100% બાયબેકની ગેરંટી
મારવેલ જ્વેલર્સની મેનેજમેન્ટની શાખાઓ
મુંબઈ
દુ.નં. 3/એ, હરચુ સિંધ બહાર કો.ઓ. સોસાયટી, ફીશ માર્કેટની નજીક, બહેરામ બાગ રોડ, જોગેશ્વરી, મુંબઈ-400102
+91 99205 56429
સિદ્ધપુર
દુ.નં. 38-39, શ્લોક એમ્પાયર, તાવડીયા ચાર રસ્તા, સિદ્ધપુર-384151
+91 73595 70530
છાપી
દુ.નં. 2, સાગર કોમ્પ્લેક્ષ, પીરોજપુરા રોડ, છાપી હાઈવે-385210
+91 76988 29593
વડાણી
પ્રોપર્ટી નં. 1/291-292-293, સુપર માર્કેટની બાજુમાં, વડાણી-મેસર રોડ, લક્ષ્મીપુરા, જી. પાટણ - 384265
+91 63571 60571
અમદાવાદ
દુ.નં. 26, હિમાલીયા ફલકનુમા, રોયલ અકબર ટાવરની પાછળ, APMC - સરખેજ રોડ, જુહાપુરા, અમદાવાદ - 380055
+91 70695 70530
સુરત
HAYATT JEWELLERS
ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં. 1-2-3, બ્લોસમ એવન્યુ, અડાજણ પાટીયા, સુરત પીન-૩૯૫૦૦૯
+91 87805 30370
www.marveljewellers.com
info@marveljewellers.com
MARVEL JEWELLERS

# તહ્ઝીબુલ ઇસ્લામ

تہذیب الاسلام

લેખક: અલ્લામા મોહંમદ બાકિર મજલિસી
ઉર્દૂ અનુવાદક: મૌલાના સૈયદ મક્બૂલઅહમદ દહેલ્વી
ગુજરાતી અનુવાદક: હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

**પ્રકરણ–૩**

**ખાવા–પીવાના આદાબ**

**(૭) અનાજ, શાકભાજી, મેવા, અને બધી ખાવાની ચીજોના ફાયદાઓનું વર્ણન**

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે, "ચાવલ ઉત્તમ ખોરાક છે. આંતરડાને ખોલે છે અને મસાને દૂર કરે છે."

કેટલીક રિવાયતોમાં આવ્યું છે કે અમે પોતાની બીમારીનો ઈલાજ ચાવલથી કર્યા કરીએ છીએ.

હદીસે મુવસ્સકમાં નકલ કરવામાં આવ્યું છે કે એક વ્યક્તિ હઝરત ઈમામ જાફર સાદિક (અ.) ની સેવામાં આવી અને પેટના દર્દની શિકાયત કરી. હઝરત (અ.)એ ફરમાવ્યું, "ચાવલને ધોઈને છાંયડામાં સૂકવી નાખો, અને તેમાંથી થોડા શેકીને નરમ કૂટી નાખો અને દરેક સવારે એક મુઠ્ઠી ખાધા કરો."

મોઅતબર હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે, હઝરત ઈમામ અલી રઝા (અ.) શેકેલા ચણા જમ્યા પહેલાં અને જમ્યા પછી ખાતા હતા.

બીજી રિવાયતમાં હઝરત રસૂલલ્લાહ (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "સિત્તેર પયગમ્બરોએ ચણા માટે બરકતની દુઆ માગી છે."

ઘણી ખરી મોઅતબર રિવાયતોમાં આવ્યું છે કે, "મસૂર ખાવાથી દિલ નરમ થાય છે, અને રડવું વધારે આવે છે."

મોઅતબર રિવાયતમાં નકલ કરવામાં આવ્યું છે કે, "બાકલા (બાફેલા કઠોળ) ખાવાથી પિંડલીનું ગોશ્ત વધે છે, અને મગજ મોટું થાય છે, અને તાજું ખૂન પેદા થાય છે."

બીજી રિવાયતમાં કહેવામાં આવ્યું છે કે, "બાકલા (બાફેલા કઠોળ)ને ફોતરા સાથે ખાઓ, કેમ કે તે પેટને સાફ કરે છે."

બીજી રિવાયતમાં મન્કૂલ છે કે, "અડદની દાળ ખાવી. તે પેટના અંદરના વાયુને દૂર કરે છે."

નકલ કરવામાં આવ્યું છે કે, એક વ્યક્તિએ હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)થી સફેદ ડાઘની શિકાયત કરી. ફરમાવ્યું કે, "અડદની દાળ પોતાના ખાવામાં દાખલ કરી દો."

મોઅતબર હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે, જ્યારે કેટલાક પ્રકારનાં ખાણાં હઝરત રસૂલે ખુદા (સ.)ની સામે લાવવામાં આવતાં હતાં જેમાં ખારેક હોય, તો હઝરત (સ.) શરૂઆત ખારેકથી કરતા હતા.

હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) એ વ્યક્તિને ચાહતા હતા કે જે ખારેકને એ કારણે પસંદ કરતો હતો કે તે હઝરત રસૂલે ખુદા (સ.)ને પસંદ હતી.

સુલયમાન ઈબ્ને જાફરથી નકલ કરવામાં આવ્યું છે કે, "હું હઝરત ઈમામ અલી રઝા (અ.) ની સેવામાં હાજર થયો, તો હઝરત (અ.)ની પાસે ઘણીબધી તાજી તાજી ખજૂર મૂકેલી હતી, અને હઝરત (અ.) ખાસ દેખરેખની સાથે શોખથી ખાઈ રહ્યા હતા. મને હુકમ થયો કે, "અય સુલયમાન! મારી પાસે આવો અને તમે પણ ખાઓ." મેં અરજ કરી, "હું કુરબાન થઈ જાઉં, આપે તો ઘણી ખજૂર ખાધી." ઈર્શાદ ફરમાવ્યો કે, "હા, મને વધારે પસંદ છે, કેમ કે હઝરત રસૂલલ્લાહ (સ.), હઝરત અમીરુલ મોમિનીન (અ.), હઝરત ઈમામ હસન (અ.), હઝરત ઈમામ હુસૈન (અ.), હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.), હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.), હઝરત ઈમામ જાફર સાદિક (અ.) અને મારા વાલિદ બધાને ખજૂર બહુ જ પસંદ હતી, અને મને પણ પસંદ છે, અને જે લોકો અમારા પર ઈમાન લાવ્યા છે, એમને પણ પસંદ છે. એટલા માટે કે તે અમારા સ્વભાવ સાથે પેદા થયેલી છે. બાકી રહ્યા અમારા દુશ્મન, તો એમને શરાબ વધારે પસંદ છે. એટલા માટે કે તેઓ આગથી પેદા થયેલા છે.""

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જો કોઈ વ્યક્તિ અજવા ખજૂરના સાત દાણા નરણે કોઠે ખાધા કરે, તો તેને કોઈ ઝેર કે રોગ કે જાદૂ કે ભૂત કે પલીત નુકસાન નહીં પહોંચાડી શકે."

બીજી હદીસમાં ફરમાવ્યું કે, "જે વ્યક્તિ સાત દાણા અજવા ખજૂરના સૂતી વખતે ખાધા કરે, તો તેના પેટમાં કરમિયા હોય તો મરી જશે."

મોઅતબર હદીસોમાં નકલ કરવામાં આવ્યું છે કે, "પાંચ મેવા જન્નતમાંથી આવ્યા છે. બેદાના અનાર (એક પ્રકારનું દાડમ), બેહી (નાસપતી), શામી સેબ (શામનું સફરજન), સફેદ અંગૂર (સફેદ દ્રાક્ષ) અને તાજી ખજૂર."

મોઅતબર હદીસમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "કોઈ પણ મેવાનું ફોતરું દૂર કરવું મકરૂહ છે."

બીજી હદીસમાં ફરમાવ્યું છે કે, "દરેક મેવા પર એક પ્રકારનું ઝેર હોય છે. જ્યારે મેવો તમારી પાસે લાવવામાં આવે, તો પહેલાં તમે ધોઈ લો, પછી ખાઓ."

બીજી હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે, લોકોએ મૂસા ઈબ્ને જાફર (અ.)થી અંજીર અને ખજૂર, વગેરે બધા મેવાઓની બાબતમાં સવાલ કર્યો કે અગર બે બે દાણા મિલાવીને ખાઈએ તો

કેવું? ઈર્શાદ ફરમાવ્યો કે, "હઝરત રસૂલે ખુદા (સ.) એ તેવું કરવાની મનાઈ ફરમાવી છે. તેથી જો તમે એકલા હો, તો જે રીતે મનફાવે એમ ખાઓ અને જો મુસલમાનોના કોઈ ટોળાની સાથે બેઠેલા હો, તો એવું ન કરો, પરંતુ એક એક દાણો ખાઓ."

બીજી હદીસમાં ફરમાવ્યું કે, "જો તમે બબ્બે બબ્બે દાણા ખાવા ઈચ્છતા હો, તો તમે પોતાના સાથીઓને કહી દો અને તેમની ઈજાઝત લઈ લો."

મોઅતબર રિવાયતમાં નકલ કરવામાં આવ્યું છે કે, એક દિવસ ઈમામ અલી રઝા (અ.)એ જોયું કે ગુલામોએ કેટલાક મેવા અડધાપડધા ખાઈને ફેંકી દીધા. હઝરત (અ.)એ ઈર્શાદ ફરમાવ્યો, "સુબ્હાનલ્લાહ! જો તમારાં પેટ ભરાઈ ગયાં છે, તો આખી દુનિયા પેટ ભરેલી નહીં હોય. જરૂરિયાત પ્રમાણે ખાઓ અને બાકીનું જરૂરતમંદોને આપી દો."

હદીસે મુવસ્સકમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "બે વસ્તુઓ એવી છે કે જેને બન્ને હાથોથી ખાવી જોઈએ, અને તે છે અંગૂર અને અનાર."

હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)એ ફરમાવ્યું કે, "ત્રણ વસ્તુઓ કંઈ નુકસાન નથી કરતી: (૧) સફેદ અંગૂર, (૨) શેરડી અને (૩) સફરજન."

મોઅતબર હદીસમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જ્યારે હઝરત નૂહ (અ.) કશ્તીમાંથી ઊતર્યા, તો માણસોનાં હાડકાં જોઈને એમને ઘણું દુ:ખ થયું. હક તઆલાએ એમને વહી ફરમાવી કે, "તમે કાળી દ્રાક્ષ ખાઓ, જેથી તમારો ગમ દૂર થઈ જાય.""

બીજી હદીસમાં ફરમાવ્યું કે, "કોઈ પયગમ્બરે દુ:ખની શિકાયત કરી હતી. તો એમને વહી કરવામાં આવી કે તમે દ્રાક્ષ ખાઓ."

હદીસે હસનમાં નકલ કરવામાં આવ્યું છે કે, હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)ને લીલી દ્રાક્ષ ઘણી જ પસંદ હતી. એક દિવસ તે હઝરત (અ.) એ રોઝો રાખ્યો હતો. જ્યારે ઈફતારનો સમય થયો, તો કનીઝે એક ઝૂમખું દ્રાક્ષનું હઝરત (અ.) ની સામે લાવીને રાખ્યું, અને તે દ્રાક્ષ એ મોસમમાં પહેલપહેલાં આવી હતી. એટલામાં એક સાઈલ આવી ગયો. હઝરત (અ.)એ તે દ્રાક્ષ તે સાઈલને આપી દીધી. કનીઝ છુપાઈ ગઈ, અને તે દ્રાક્ષ તે સાઈલથી ખરીદી લીધી, અને પછી હઝરત (અ.) ની સામે રાખી. એટલામાં બીજો સાઈલ આવી ગયો. હઝરત (અ.)એ ફરી તેને આપી દીધી. કનીઝ ફરીથી જઈને ખરીદી લાવી. આવી રીતે ચાર વખત થયું. ચોથી વખત હઝરત (અ.)એ તેને ખાઈ લીધી.

અબૂ અકાશાથી નકલ કરવામાં આવ્યું છે કે, "હું હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)ની સેવામાં ગયો, તો હઝરત (અ.)ની પાસે દ્રાક્ષ રાખેલી હતી. હઝરત (અ.)એ ફરમાવ્યું, "ઘરડાં અને બાળકો તો એક એક દાણો ખાય છે, અને જે વ્યકિતને એ ખ્યાલ હોય છે કે મારું પેટ ભરાશે નહીં, તે ત્રણ–ત્રણ, ચાર–ચાર દાણા ખાય છે. તમે બબ્બે બબ્બે

દાણા ખાઓ કે આ મુસ્તહબ છે.""

બે સનદોથી હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "એકવીસ દાણા મોટી સૂકાયેલી દ્રાક્ષનો નાસ્તો કરવો, મોત સિવાય દરેક બીમારી દૂર કરે છે."

બે સનદોથી હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "તાઇફની મુનક્કા (કાળી દ્રાક્ષ) સ્નાયુઓને મજબૂત કરે છે, અને આળસને દૂર કરે છે, અને દિલને ખુશ કરે છે."

મોઅતબર હદીસમાં એ જ હઝરત (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "મેવા કુલ ૧૨૦ પ્રકારના હોય છે, અને એ બધામાં શ્રેષ્ઠ દાડમ છે." ફરમાવ્યું કે, "તમારે દાડમ ખાવું જોઈએ કે જે ભૂખ્યાને પરિતૃપ્ત કરે છે, અને ભરેલા પેટને હજમ કરે છે."

હઝરત રસૂલે ખુદા (સ.)ને દાડમથી વધારે કોઈ મેવો પસંદ ન હતો, અને રસૂલ (સ.) એમ ઇચ્છતા નહોતા કે એને ખાતી વખતે કોઈ ભાગીદાર હોય.

ઘણી મોઅતબર હદીસોમાં આવ્યું છે કે, "દરેક દાડમમાં એક દાણો જન્નતનો હોય છે, અગર જો તે કાફિર ખાય છે, તો એક ફરિશ્તો આવીને તે દાણો લઈ જાય છે, તેથી તે ખાઈ ન શકે." તેથી મુસ્તહબ છે કે જ્યારે અનાર ખાઓ તો એકલા ખાઓ.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે મોમિન એક દાડમ પૂરું ખાઈ લે, તો ખુદા તઆલા શયતાનને તેના દિલની રોશનીથી ૪૦ દિવસ માટે દૂર કરી દે છે."

અને જે મોમિન ત્રણ દાડમ પૂરાં ખાઈ લે, તો ખુદા તઆલા તેના દિલની રોશનીથી શયતાનને એક વર્ષ માટે દૂર કરી દે છે, અને જે વ્યક્તિથી શયતાન એક વર્ષ દૂર રહેશે, તે ગુનાહમાં સપડાશે નહીં, અને જે ગુનાહમાં સપડાશે નહીં, તો જન્નતમાં દાખલ થઈ જશે.

સહીહ હદીસમાં ઈમામ જાફર સાદિક (અ.) થી નકલ કરવામાં આવ્યું છે કે, "તમારે મીઠાં અનાર ખાવાં જોઈએ કે તેનો જે ભાગ મોમિનના પેટમાં જાય છે, તે કોઈને કોઈ દર્દને દૂર કરી દે છે, અને શયતાની વસવસાઓને પણ દૂર કરે છે."

બીજી હદીસે હસનમાં નકલ કરવામાં આવ્યું છે કે, "અનારના દાણાઓને બીજની સાથે ખાઓ, કેમ કે આ તરકીબથી ખાવાથી પેટ સાફ રહે છે, અને વાળ વધે છે." આવું પણ ફરમાવ્યું કે, "દાડમ — બન્ને પ્રકારનાં, ખાટા અને મીઠા — પેટ માટે ફાયદાકારક છે."

હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે વ્યક્તિ જુમ્આના દિવસે એક દાડમ નરણે કોઠે ખાઈ લે, તેનું હૃદય ૪૦ દિવસ સુધી રોશન રહેશે, અને જો બે દાડમ ખાઈ લે, તો ૮૦ દિવસ અને જો ત્રણ અનાર ખાઈ લે, તો ૧૨૦ દિવસ, અને શયતાની વસવસાઓ પણ તેનાથી દૂર થઈ જશે, અને જેનાથી શયતાની વસવસા દૂર થશે, તે અલ્લાહના ગુનાહમાં સપડાશે નહીં, અને જે અલ્લાહના ગુનાહોમાં સપડાશે નહીં, તે જન્નતમાં

દાખલ થશે."

બીજી હદીસમાં ફરમાવ્યું છે કે, "ખજૂરના ઝાડની લાકડીનો ધુમાડો ઝેરી જંતુઓ અને ઝેરીલાં જાનવરોને બેકાર કરી દે છે."

મોઅતબર સનદથી હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "સફરજન પેટની પાચનશક્તિને ઉજાગર કરે છે."

હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)એ ફરમાવ્યું કે, "સફરજનને ખાવું દરેક પ્રકારના ઝેર, જાદૂ, જિન્નાતોથી દૂર રાખે છે, અને કફના વધારાને દૂર કરે છે, અને કોઈ વસ્તુનો ફાયદો આનાથી વધારે અને જલ્દી થતો નથી."

બીજી મોઅતબર હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે, "સૂકાયેલા સફરજનનું સત્તુ (સફરજનનો ભૂકો) દુઝતા મસાને દૂર કરે છે." એમ પણ ફરમાવ્યું કે, "ઝેરને દૂર કરવા માટે સફરજનના ભૂકાની દવાથી બહેતર કોઈ નથી."

એવું પણ ફરમાવ્યું કે, "જો લોકોને સફરજનના ફાયદા ખબર પડી જાય, તો સફરજનના સિવાય કોઈ દવા ન કરે."

હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "સફરજન ખાઓ, તે પેટને સાફ કરે છે."

હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "બેહી (નાસપતી) ખાવાથી અશક્ત હૃદય શક્તિશાળી બની જાય છે, અને પેટ સાફ થાય છે, બુદ્ધિ વધે છે, અને ડરપોક માણસ બહાદુર બની જાય છે."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "નાસપતી ખાવાથી રંગ સાફ થઈ જાય છે, અને ઓલાદ સુંદર પેદા થાય છે."

બીજી હદીસમાં ફરમાવ્યું કે, "જે વ્યક્તિ એક નંગ બેહી (નાસપતી)ને નરણે કોઠે ખાધા કરે, તો તેનું વીર્ય સાફ થઈ જાય છે, અને ઓલાદ સુંદર પેદા થાય છે."

બીજી મોઅતબર હદીસમાં આવ્યું છે કે, "જે વ્યક્તિ એક નંગ બેહી (નાસપતી)ને નરણે કોઠે ખાય, તો હક તઆલા ચાલીસ દિવસ માટે તેની જીભ પર હિકમત ચાલુ કરે છે."

એમ પણ ફરમાવ્યું કે, "ખુદાએ તઆલાએ કોઈ પયગમ્બર એવા નથી મોકલ્યા કે જેમના શરીરથી નાસપતીની સુગંધી આવતી ન હોય." એમ પણ ફરમાવ્યું કે, "નાસપતીના ટુકડા ખાવાથી દુ:ખીનાં દુ:ખોને એવી રીતે દૂર થાય છે કે જેવી રીતે હાથથી કપાળના પરસેવાને સાફ કરી દેવામાં આવે છે."

મોઅતબર હદીસથી હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જામફળ ખાવું હૃદયને રોશન કરે છે, અને અલ્લાહના હુકમથી આંતરિક દર્દોને દૂર કરે છે."

બીજી હદીસમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જામફળ ખાવું પેટને સાફ કરે છે, અને શક્તિ આપે છે, અને જમ્યા પછી ખાવું, ભૂખ્યા પેટે ખાવા કરતાં બહેતર છે." (ક્રમશ:)


Fi patel
ELECTRICALS
હવે સોલાર પર મેળવો
૭૮,૦૦૦/- ની સબસિડી
અને સરળ બેન્ક લોન
હપ્તા સાથે
(બેન્કના નિયમ મુજબ)*
0
ડાઉન પેમેન્ટ
adani
WAAREE
citizen
સોલારના ફાયદા કયાં કયાં સ્થળે લઈ શકાય?
ઘરના છત ઉપર
સોલાર પાર્કિંગ
કોમ્પલેક્ષ
સોલાર પાર્ક
ધાર્મિક સ્થળ
હોટલ-બિઝનેસ
સ્કૂલ-કોલેજકેમ્પસ
ઈન્ડસ્ટ્રીયલ પાર્ક
પ્રાઈવેટ ઓફિસ
ડેરી ઉદ્યોગ
ફતેહઅલી પટેલ
94092 64992
મહદીહસન
81286 29039
મોહંમદહુસૈન
88665 90501
વેવેઈટ કોમ્પલેક્ષ RTO ચોકડી, હિંમતનગર,
સાબરકાંઠા, ગુજરાત - ૩૮૩૦૦૧
WWW.FIPATELELECTRICALS.COM
info@fipatelelectricals.com

# આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન

લેખક: ડૉ. સૈયદ હુસૈન નસ્ર અનુવાદક: મોમિન સખાવતઅલી સુણસરા

## વિભાગ–૧

## ઈસ્લામનો પયગામ

### પ્રકરણ ૩: શરીઅત

### સિયાસત

### એક ગવર્નરની લાક્ષણિકતાઓ અને તેની જવાબદારીઓ

ત્યાર બાદ, અય માલિક! જાણી લો કે મેં તમને એ પ્રદેશ તરફ મોકલ્યા છે કે જ્યાં ન્યાયપસંદ અને જુલ્મપસંદ એમ બન્ને પ્રકારની હુકૂમતો તમારા પહેલાં આવી ચૂકી છે. લોકો હવે તમારા કામ કરવાની રીતને એ જ રીતે જોશે કે જે રીતે તમે પહેલાંના શાસકોની કામ કરવાની રીતને જોતા હતા, અને લોકો તમારી એ જ રીતે ટીકા કરશે જે રીતે તમે શાસકોની ટીકા કરતા હતા. ખરેખર, નેક માણસો એ ઈજ્જત દ્વારા ઓળખાય છે કે જેને અલ્લાહ પોતાની મખ્લૂકની જીભ થકી ફેલાવે છે. માટે, તમારા પાસે નેક કાર્યો સિવાય બીજી કોઈ બાબતોનો સંગ્રહ ન હોવો જોઈએ. આમ, તમારી તીવ્ર ઈચ્છાઓને કાબૂમાં રાખો, અને જે વસ્તુ તમારા માટે હલાલ ન હોય તેને વાપરવામાં પોતાના નફસને નિયંત્રણમાં રાખો, કારણ કે નફસને નિયંત્રણમાં રાખવાનો અર્થ એ છે કે તેને ગમતી અને અણગમતી બાબતોની વચ્ચે રોકી રાખવો.

તમારા દિલમાં રૈયત માટે રહમ, મોહબ્બત અને હેત પેદા કરો. તેમના વિરુદ્ધ હિંસક પ્રાણીઓની જેમ ઊભા ન થઈ જાઓ કે જે તેમનો શિકાર કરવાને ગનીમત સમજતા હોય, કેમ કે રૈયત બે પ્રકારની છે, તેઓ કાં તો તમારા દીની ભાઈ છે, કાં ખિલ્કતની દૃષ્ટિએ તમારા જેવા છે. તેઓ ભૂલો કરશે, અને ક્ષતિઓ પણ વહોરશે. શકય છે કે તેઓ ઈરાદાપૂર્વક અથવા બેદરકારીથી અનૈતિક રીતે પણ વર્તે. માટે, તમે તેમના કાજે પોતાની દયા અને માફીને એ રીતે વિશાળ કરી દેજો, જે રીતે કે તમને પસંદ છે કે અલ્લાહ તમારા માટે પોતાની રહમત અને માફીને વિશાળ કરી દે, કેમ કે તમે તેમના પર અધિકાર ધરાવો છો અને તમારા ઈમામ — કે જેમણે તમને નિયુકત કર્યા છે, તેઓ — તમારા પર અધિકાર ધરાવે છે અને તેમના પર

અલ્લાહ અધિકાર ધરાવે છે. અલ્લાહે તમને તેમના મામલાઓનું સંચાલન કરનારા બનાવ્યા છે અને તેમના થકી તમારી કસોટી લીધી છે.

ન તો તમારી જાતને અલ્લાહ વિરુદ્ધ જંગ માટે ઉભારો કેમ કે તેની કુદરતની સામે તમારી કોઈ તાકાત નથી અને તેની રહમત તથા માફી વગર તમે કંઈ જ કરી શકતા નથી. ન તો માફી આપની કે ન તો સજા આપવામાં રહેમદિલી દાખવીને પસ્તાવો કરો. (અને) જો તમે ગુસ્સા પર અંકુશ મેળવી શકતા હો તો ગુસ્સામાં ઉતાવળાં પગલાં ન ભરો. (અને) એમ ન કહો કે, "મને સત્તા આપવામાં આવી છે, (માટે) જ્યારે હું હુકમ કરું તો મારા હુકમનું પાલન થવું જોઈએ," કેમ કે તે દિલમાં ભ્રમ પેદા કરે છે, દીનને કમજોર બનાવે છે અને માણસને વિનાશની નજીક લઈ જાય છે. જો તમને મળેલ સત્તાને જોઈને ઘમંડ અથવા આડંબર પેદા થાય તો તમારા પર ફેલાયેલ અલ્લાહની મહાન સલ્તનત અને તેની તાકાત — કે જેના જેવી તાકાત તમે પોતાની જાત પર નથી ધરાવતા, તેની— તરફ નજર કરજો. આ બાબત તમારા અહંકારને દાબી દેશે, તમારા ગુસ્સાને દૂર કરશે અને તમારી ભ્રષ્ટ થયેલી બુદ્ધિને ઠેકાણે લાવશે.

તમારી જાતને અલ્લાહની સાથે તેની મોટાઈમાં સરખાવવાથી ચેતજો, અથવા તમારી જાતને અલ્લાહની સાથે તેની તાકાતમાં તુલના કરવાથી પણ ખબરદાર રહેજો, કેમ કે અલ્લાહ દરેક તાકાતનો દાવો કરનારને હડધૂત કરે છે, અને દરેક અહંકારીને ઝલીલ કરે છે.

અલ્લાહ ખાતર ઈન્સાફ કરો, અને લોકો સાથે ઈન્સાફ કરો, તથા પોતાની જાત, પોતાના નજીકના લોકો સાથે, તથા એ લોકો સાથે ઈન્સાફ કરો કે જેમનાથી તમને લગાવ હોય, કારણ કે જો તમે આ રીતે નહીં કરો તો તમે જુલ્મ કરી બેસશો, અને જ્યારે કોઈ માણસ અલ્લાહની મખ્લૂક પર જુલ્મ કરે છે, તો તેની મખ્લૂકની અવેજમાં અલ્લાહ તે માણસનો વિરોધી થઈ જાય છે, અને જ્યારે અલ્લાહ કોઈ માણસનો વિરોધી થઈ જાય છે, તો તેની વિનંતીને પણ રદ કરી દે છે; અને તે અલ્લાહની સામે જંગની પરિસ્થિતિમાં જ રહે છે, જ્યાં સુધી કે તે હાર ન માની લે અને તૌબા ન કરી લે. અલ્લાહની નેઅમતો પાછી ખેંચાઈ જવા માટે અને તેનો અઝાબ ઝડપથી નાઝિલ થવા માટે જુલ્મ કરવા પર બાકી રહેવા કરતાં બીજી કોઈ વસ્તુ વધારે અસરકારક નથી, કારણ કે અલ્લાહ મઝલૂમોની પોકાર સાંભળે છે અને તે જાલિમોની તાકમાં છે.[1]

અંતમાં એમ કહી શકાય કે ઈસ્લામના સૌથી મહત્ત્વના સિયાસી ઉપદેશો એ છે કે ઈસ્લામી સમાજ ઈલાહી કાયદાઓ હેઠળ, અને કુરઆન તથા હદીસ પરથી અસ્તિત્વમાં આવેલા અલગઅલગ સ્વરૂપો હેઠળ સંચાલિત થવો જોઈએ. ઈસ્લામ કાયદાઓ પર આધારિત સિયાસતમાં માને છે, એટલે કે ઈલાહી કાયદાઓ હેઠળ ચાલતું એક

1 નહ્જુલ બલાગા, પત્ર–૫૩

સુવ્યવસ્થિત તંત્ર; પરિણામે સદીઓથી એવી હુકૂમતને સ્વીકારવામાં આવી છે કે જે શરીઅતની હિફાઝત કરવામાં સક્ષમ હોય, અને એ સુનિશ્ચિત કરતી હોય કે તેની તબ્લીગ તથા પૈરવી કરવામાં આવે, અને સમાજ તથા તેની હદોને અંદર કે બહારથી થનારી ઘૂસણખોરીથી અને હુમલાથી બચાવવામાં સમર્થ હોય. ખરેખર, અલગઅલગ મુસ્લિમ વંશો તથા રાજ્યો વચ્ચે પણ ઘણા જંગો થયા છે. આ બાબત માનવ ઇતિહાસનો અભિન્ન ભાગ રહી છે, પછી ભલે ને તે ઇસ્લામી, ખ્રિસ્તી, યહૂદી, પારસી, હિન્દુ કે અન્ય કોઈ પણ સમાજ સાથે સંબંધિત હોય. પરંતુ ઇસ્લામી દુનિયામાં આ બાબત પણ નોંધનીય છે કે સ્થાનિક જંગો, પછી તે અલગઅલગ વંશો, કબીલાઓ અથવા અન્ય ટોળાઓ વચ્ચેના હોય, તે હંમેશાં શરીઅતના કાયદાઓની સર્વોચ્ચતાને આધીન રહી છે. આધુનિક સમય સુધી કોઈ પણ જંગમાં કોઈ પણ પક્ષે ક્યારેય પણ બીજાની તુલનામાં ઇસ્લામના ઉપદેશોનું ઓછું પાલન કરવાનો દાવો નથી કર્યો. જ્યાં ત્યાં આંતરિક જંગો થઈ હોવા છતાંય, ખરેખર તે જંગો અલ્લાહના કાયદાઓ દ્વારા સમાજ પર હુકૂમત કરવાના મૂળભૂત મુદ્દાને અસર કરતી ન હતી. સૌથી મોટું અપવાદ મોંગલોનું આક્રમણ હતું કે જેને ચંગેઝખાન જેવા તાકતવર માણસ દ્વારા અને તેના લશ્કર દ્વારા અંજામ આપવામાં આવી હતી, અને જેના કારણે ઇસ્લામી દુનિયાના પૂર્વીય વિસ્તારોનો મોટો હિસ્સો નષ્ટ થયો હતો. બેશક, બીજો અપવાદ ઇસ્લામી દુનિયા પર પશ્ચિમી દેશો દ્વારા કરવામાં આવેલું આધુનિક આક્રમણ છે, જે એક એવું આક્રમણ છે કે જેમાં ઇસ્લામનાં ઘણાં પરંપરાગત કાનૂની માળખાં અને અમલ કરવાની રીતોનો એટલો વિનાશ થયો છે જેટલો મોંગલોના ભીષણ આક્રમણ દરમિયાન પણ નહોતો થયો.

આ આક્રમણો અને ઇસ્લામી ઇતિહાસના અપવાદરૂપ સમયગાળાઓને બાજુએ મૂકીએ તો, એવું કહી શકાય કે ઇસ્લામના ઇતિહાસમાં વિકસિત થયેલા બધાં જ વિવિધ સિયાસી માળખાં એ અર્થમાં ઇસ્લામી હતાં કે તેમણે કુરઆન તથા હદીસના ઉપદેશોની સુરક્ષા કરી હતી, અને ઇલાહી કાયદાઓની તબ્લીગ કરી હતી, જો કે, શાસકોની વચ્ચે વ્યક્તિગતરૂપે અપવાદો હતા. અને ઘણા શાસકો નિષ્ફળ ગયા હોવા છતાંય, તેમના માટે કાયદાનું ઔપચારિક રક્ષણ એ ઇસ્લામના સિયાસી ઉપદેશોનું લક્ષ્ય હતું અને હજુ પણ છે, જે કાયદાઓ પર આધારિત સિયાસતની રચના કરે છે, જ્યાં પુરુષો અને સ્ત્રીઓ શરીઅતમાં શામિલ અલ્લાહની મરજી અનુસાર જીવી શકે છે, અને એ નેક કાર્યો અનુસાર જીવી શકે છે જે રસૂલલ્લાહ (સ.)ની સીરતે મુબારકામાંથી સંપૂર્ણપણે જાહેર થયાં છે, આપ (સ.) વ્યક્તિગત માનવજીવન અને ઇસ્લામી ઉમ્મત પર હુકૂમત કરવા એમ બન્ને માટે એક ઉત્તમ ઉદાહરણ છે. (ક્રમશઃ)

# શુદ્ધ જડીબુટ્ટી, શુદ્ધ ઉર્જા, શુદ્ધ તમે.

pure fusion™




**Cholest Support**

- LDL (ખરાબ કોલેસ્ટરોલ) ઘટાડે છે
- HDL (સારું કોલેસ્ટરોલ) વધારવામાં મદદરૂપ
- હૃદયને સ્વસ્થ રાખવામાં સહાયક
- બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખે છે

**Multi-Vitamin**

- શરીરમાં તમામ વિટામિન્સની અછત પૂરી કરે છે
- વાળ અને ત્વચા સંબંધિત સમસ્યાઓમાં મદદરૂપ
- હૃદય સંબંધિત તકલીફોમાં સહાયક
- શરીરના કોષોને નુકસાનથી બચાવે છે

**Calcium + Vitamin D3**

- સાંધાના દુખાવામાં રાહત આપે છે
- હાથ અને પગના દુખાવામાં મદદરૂપ
- પેશીઓની નબળાઈ ઘટાડે છે
- હાડકાં અને દાંતને મજબૂત બનાવે છે

**Iron**

- શરીરમાં આયર્નની અછત પૂરી કરે છે
- નબળાઈ અને થાક ઘટાડે છે
- આંખોમાં પીળાશની સમસ્યામાં મદદરૂપ
- ભૂખમાં વધારો કરે છે

**Joint Support**

- સાંધા વાળવામાં થતી તકલીફમાં રાહત આપે છે
- સાંધામાં થતી લાલાશ ઘટાડે છે
- સાંધાની સોજામાં મદદરૂપ
- ચાલવા અને ઊભા થવામાં સહેલાઈ આપે છે

**Diabetes Care**

- બ્લડ શુગરનું સ્તર નિયંત્રણમાં રાખે છે
- શરીરની નબળાઈ ઘટાડે છે
- અતિભૂખ અને તરસમાં નિયંત્રણ રાખે છે
- ઘા ધીમા ભરાવાની સમસ્યામાં મદદરૂપ

**Vitamin B12**

- શરીરની નબળાઈ ઘટાડે છે
- યાદશક્તિ અને એકાગ્રતા સુધારે છે
- રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે
- વાળ અને ત્વચા સંબંધિત સમસ્યાઓમાં મદદરૂપ
- પાચનતંત્રને સ્વસ્થ રાખે છે
- હૃદયને સ્વસ્થ રાખવામાં સહાયક
- ભૂખમાં વધારો કરે છે
- સ્નાયુઓને સ્વસ્થ રાખે છે
- હાડકાં સ્વસ્થ રાખે છે

**ZAFIYA INTERNATIONAL TRADE LINKS**

G-101, પંજેતની એપાર્ટમેંટ, ગ્રીન પાર્ક, સુમિત હોટેલ ની પાછળ, ઉન્ન, સુરત-394210.

+91 9326934440 www.thepurefusion.com care@purefusion.in / purefusion



# ઈબાદાત

## માહે મોહર્રમુલ હરામના આમાલ

જાહેર છે કે માહે મોહર્રમ અહલેબૈત (અ.) અને તેમના ચાહવાવાળાઓ માટે દુઃખ અને રુદનનો મહીનો છે.

ઈમામ અલી રઝા (અ.)થી રિવાયત છે કે, "જ્યારે માહે મોહર્રમ આવતો હતો ત્યારે કોઈ પણ માણસ મારા વાલિદે બુઝુર્ગવાર ઈમામ મૂસા કાઝિમ (અ.)ને હસતા જોતો ન હતો, આપ (અ.)ના ઉપર દુઃખ અને ગમ છવાઈ જતો, અને જ્યારે દસમી મોહર્રમનો દિવસ આવતો ત્યારે આહોઝારી કરતા અને ફરમાવતા કે આ એ દિવસ છે કે જેમાં ઈમામ હુસૈન (અ.)ને શહીદ કરવામાં આવ્યા."

**પહેલી મોહર્રમની રાતના આમાલ:**

(1) ૧૦૦ રકાત નમાઝ
દરેક રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા ઈખ્લાસ (બન્ને સૂરા એક એક વાર પઢવા.)

(2) બે રકાત નમાઝ
પહેલી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા અન્આમ.
બીજી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા યાસીન.

(3) બે રકાત નમાઝ
આ બન્ને રકાતમાં સૂરા હમ્દ પછી ૧૧ વખત સૂરા ઈખ્લાસ.

(4) રસૂલલ્લાહ (સ.)એ આ રાત્રે બે રકાત નમાઝ પઢવાનું અને દિવસે રોઝો રાખવાનું સૂચન કર્યું છે.

**નોંધ:** ઉપરના આમાલમાંથી જેટલી હદે શકય હોય તેટલી હદે બજાવી લાવવા મુસ્તહબ છે.

**પહેલી મોહર્રમના દિવસના આમાલ:**

હઝરત ઈમામ રઝા (અ.)થી મન્કૂલ છે કે રસૂલલ્લાહ (સ.) મોહર્રમની પહેલી તારીખે બે રકાત નમાઝ પઢતા હતા, અને જ્યારે નમાઝથી ફારિગ થતા તો પોતાના હાથોને આસમાનની તરફ ઊંચા કરીને આ દુઆ પઢતા હતા:

اَللّٰهُمَّ اَنْتَ الْاِلٰهُ الْقَدِيْمُ وَهٰذِهٖ سَنَةٌ جَدِيْدَةٌ فَاَسْاَلُكَ فِيْهَا الْعِصْمَةَ مِنَ الشَّيْطَانِ وَالْقُوَّةَ عَلٰى هٰذِهِ
النَّفْسِ الْاَمَّارَةِ بِالسُّوْٓءِ وَالْاِشْتِغَالَ بِمَا يُقَرِّبُنِيْٓ اِلَيْكَ، يَا كَرِيْمُ يَا ذَا الْجَلَالِ وَالْاِكْرَامِ، يَا عِمَادَ مَنْ

لَّا عِمَادَ لَهُ، يَا ذَخِيْرَةَ مَنْ لَّا ذَخِيْرَةَ لَهُ، يَا حِرْزَ مَنْ لَّا حِرْزَ لَهُ، يَا غِيَاثَ مَنْ لَّا غِيَاثَ لَهُ، يَا سَنَدَ مَنْ لَّا سَنَدَ لَهُ، يَا كَنْزَ مَنْ لَّا كَنْزَ لَهُ، يَا حَسَنَ الْبَلَآءِ يَا عَظِيْمَ الرَّجَآءِ يَا عِزَّ الضُّعَفَآءِ يَا مُنْقِذَ الْغَرْقٰى يَا مُنْجِيَ الْهَلْكٰى يَا مُنْعِمُ يَا مُجْمِلُ يَا مُفْضِلُ يَا مُحْسِنُ، اَنْتَ الَّذِىْ سَجَدَ لَكَ سَوَادُ اللَّيْلِ وَنُوْرُ النَّهَارِ وَضَوْءُ الْقَمَرِ وَشُعَاعُ الشَّمْسِ وَدَوِىُّ الْمَآءِ وَحَفِيْفُ الشَّجَرِ، يَآ اَللّٰهُ لَا شَرِيْكَ لَكَ، اَللّٰهُمَّ اجْعَلْنَا خَيْرًا مِّمَّا يَظُنُّوْنَ وَاغْفِرْ لَنَا مَا لَا يَعْلَمُوْنَ وَلَا تُؤَاخِذْنَا بِمَا يَقُوْلُوْنَ حَسْبِىَ اللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ عَلَيْهِ تَوَكَّلْتُ وَهُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ، اٰمَنَّا بِهٖ كُلٌّ مِّنْ عِنْدِ رَبِّنَا وَمَا يَذَّكَّرُ اِلَّآ اُولُوا الْاَلْبَابِ، رَبَّنَا لَا تُزِغْ قُلُوْبَنَا بَعْدَ اِذْ هَدَيْتَنَا وَهَبْ لَنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً اِنَّكَ اَنْتَ الْوَهَّابُ

**આશૂરાની રાત (મોહર્રમની દસમી રાત)ના આમાલ:**

1. ૧૦૦ રકાત નમાઝ
   - દરેક રકાતમાં સૂરા હમ્દ પછી ત્રણ વખત સૂરા ઈખ્લાસ
   - આ ૧૦૦ રકાત નમાઝથી ફારેગ થયા પછી ૭૦ વખત નીચેનો ઝિક્ર:

     سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

   - કેટલીક રિવાયતોમાં છે કે આટલું પઢી લીધા પછી ઈસ્તિગ્ફાર કરવો જોઈએ એટલે કે,

     اَسْتَغْفِرُ اللّٰهَ رَبِّىْ وَاَتُوْبُ اِلَيْهِ

     કહેવું જોઈએ.

2. આશૂરાની રાતના આમાલમાંથી એક અમલ આ પણ છે કે રાતના છેવટના ભાગમાં ચાર રકાત નમાઝ પઢે:
   - દરેક રકાતમાં સૂરા હમ્દ પછી દસ વખત આયતુલ કુરસી, દસ વખત સૂરા ઈખ્લાસ, દસ વખત સૂરા ફલક, દસ વખત સૂરા નાસ.
   - સલામ પછી નમાઝ પૂરી કર્યા પછી ૧૦૦ વખત સૂરા ઈખ્લાસ.
3. આશૂરાની રાતનો એક અન્ય અમલ આ પણ છે, ચાર રકાત નમાઝ:
   - દરેક રકાતમાં સૂરા હમ્દ પછી ૫૦ વખત સૂરા ઈખ્લાસ.

આ નમાઝ હઝરત અલી (અ.)વાળી નમાઝ છે કે જેની ઘણી જ મોટી ફઝીલત છે.

4. આશૂરાની રાતનો એક અમલ આ પણ છે કે અલ્લાહનો વધુને વધુ ઝિક્ર કરે અને મોહંમદ (સ.) વ આલે મોહંમદ (અ.) પર દુરૂદ પઢે, અને અહલેબૈત (અ.)ના દુશ્મનો ઉપર લાનત કરે.
5. આજની રાત્રીએ જાગરણ કરવા વિષે રિવાયતોમાં ઘણી બધી ફઝીલત બતાવવામાં આવી છે. એક રિવાયતમાં છે કે તે રાત્રીએ ઈબાદત કરનાર એવો છે જાણે કે તેણે બધા જ ફરિશ્તાઓની ઈબાદત જેટલી ઈબાદત કરી હોય, અને આજની રાત્રીની ઈબાદત ૭૦ વર્ષની ઈબાદત બરાબર છે.

6. જો કોઈના માટે શક્ય હોય તો આજની રાતે કરબલાએ મોઅલ્લાની જમીન ઉપર રોકાણ કરે અને હઝરત ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત કરે, અને આખી રાત આપ (અ.)ની પાસે જાગતો રહે. જો તે આવું કરશે તો અલ્લાહ તઆલા તેની હઝરત ઈમામ હુસૈન (અ.)ના ખૂનની સાથે મળેલા કરબલાના શહીદોની હરોળમાં ગણત્રી કરશે.

**આશૂરા (દસમી મોહર્રમ)ના દિવસના આમાલ વિષે:**

આ આશૂરાનો દિવસ ઈમામ હુસૈન (અ.)ની શહાદતનો દિવસ છે, જે અઈમ્મા (અ.) અને તેમના ચાહવાવાળાઓ માટે મુસીબતનો અને દુઃખમાં રહેવાનો દિવસ છે. બહેતર એ છે કે આ દિવસે દુન્યવી કામોમાં પરોવાયેલા ન રહેવું અને ન ઘર માટે કંઈ કમાવું, પરંતુ નૌહા, માતમ અને રુદનમાં વ્યસ્ત રહેવું જોઈએ.

- આ દિવસે ઈમામ હુસૈન (અ.)ની મજલિસ કરે.
- ઈમામ હુસૈન (અ.)ની ઝિયારતે આશૂરા પઢે.
- ઈમામ હુસૈન (અ.)ના કાતિલો પર ખૂબ જ લાનત કરવી.
- અને એકબીજાને ઈમામ હુસૈન (અ.)ની મુસીબત પર આ રીતે પુરસો આપે:

اَعْظَمَ اللّٰهُ اُجُوْرَنَا بِمُصَابِنَا بِالْحُسَيْنِ عَلَيْهِ السَّلَامُ وَجَعَلَنَا وَاِيَّاكُمْ مِنَ الطَّالِبِيْنَ بِثَارِهٖ مَعَ وَلِيِّهِ الْاِمَامِ الْمَهْدِيِّ مِنْ اٰلِ مُحَمَّدٍ عَلَيْهِمُ السَّلَامُ

- આ દિવસે એક હજાર વખત સૂરા ઈખ્લાસ પઢે.
- આ દિવસે ઈમામ હુસૈન (અ.)ના કાતિલો પર આ શબ્દોમાં લાનત કરે:

اَللّٰهُمَّ الْعَنْ قَتَلَةَ الْحُسَيْنِ عَلَيْهِ السَّلَامُ

- આશૂરાના દિવસે છેલ્લા સમયે ઊભા થઈને રસૂલલ્લાહ (સ.), અમીરુલ મોમિનીન (અ.), જનાબે ફાતેમા ઝહરા (અ.), ઈમામ હસન (અ.) અને બીજા અઈમ્મા (અ.) કે જે ઓલાદે હુસૈન (અ.)માંથી છે તે બધા ઉપર સલામ મોકલે અને રડતાં રડતાં તેમને પુરસો આપે, પછી આ ઝિયારત પઢે:

**اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ اٰدَمَ صِفْوَةِ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ نُوْحٍ نَّبِيِّ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ اِبْرَاهِيْمَ خَلِيْلِ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ مُوْسٰى كَلِيْمِ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ عِيْسٰى رُوْحِ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ مُحَمَّدٍ حَبِيْبِ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ عَلِيٍّ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ وَلِيِّ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ الْحَسَنِ الشَّهِيْدِ سِبْطِ رَسُوْلِ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ رَسُوْلِ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ الْبَشِيْرِ النَّذِيْرِ وَابْنَ سَيِّدِ الْوَصِيِّيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ فَاطِمَةَ سَيِّدَةِ نِسَآءِ الْعَالَمِيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ يَآ اَبَا عَبْدِ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا خِيَرَةَ اللّٰهِ وَابْنَ خِيَرَتِهٖ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ثَارَ اللّٰهِ وَابْنَ ثَارِهٖ، اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا الْوِتْرُ الْمَوْتُوْرُ، اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا الْاِمَامُ الْهَادِى الزَّكِيُّ**

وَعَلٰٓى اَرْوَاحٍ حَلَّتْ بِفِنَآئِكَ وَاَقَامَتْ فِىْ جِوَارِكَ وَوَفَدَتْ مَعَ زُوَّارِكَ، اَلسَّلَامُ عَلَيْكَ مِنِّىْ مَا بَقِيْتُ
وَبَقِىَ اللَّيْلُ وَالنَّهَارُ، فَلَقَدْ عَظُمَتْ بِكَ الرَّزِيَّةُ وَجَلَّ الْمُصَابُ فِى الْمُؤْمِنِيْنَ وَالْمُسْلِمِيْنَ وَفِىٓ اَهْلِ
السَّمَاوَاتِ اَجْمَعِيْنَ وَفِىْ سُكَّانِ الْاَرَضِيْنَ، فَاِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رَاجِعُوْنَ وَصَلَوَاتُ اللهِ وَبَرَكَاتُهٗ وَتَحِيَّاتُهٗ
عَلَيْكَ وَعَلٰٓى اٰبَآئِكَ الطَّاهِرِيْنَ الطَّيِّبِيْنَ الْمُنْتَجَبِيْنَ وَعَلٰى ذَرَارِيْهِمُ الْهُدَاةِ الْمَهْدِيِّيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ
يَا مَوْلَاىَ وَعَلَيْهِمْ وَعَلٰى رُوْحِكَ وَعَلٰٓى اَرْوَاحِهِمْ وَعَلٰى تُرْبَتِكَ وَعَلٰى تُرْبَتِهِمْ، اَللّٰهُمَّ لَقِّهِمْ رَحْمَةً وَّرِضْوَانًا
وَّرَوْحًا وَّرَيْحَانًا، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَوْلَاىَ يَآ اَبَا عَبْدِ اللهِ يَا بْنَ خَاتَمِ النَّبِيِّيْنَ وَيَا ابْنَ سَيِّدِ الْوَصِيِّيْنَ
وَيَا ابْنَ سَيِّدَةِ نِسَآءِ الْعَالَمِيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا شَهِيْدُ يَا ابْنَ الشَّهِيْدِ يَآ اَخَ الشَّهِيْدِ يَآ اَبَا الشُّهَدَآءِ،
اَللّٰهُمَّ بَلِّغْهُ عَنِّىْ فِىْ هٰذِهِ السَّاعَةِ وَفِىْ هٰذَا الْيَوْمِ وَفِىْ هٰذَا الْوَقْتِ وَفِىْ كُلِّ وَقْتٍ تَحِيَّةً كَثِيْرَةً وَّسَلَامًا،
سَلَامُ اللهِ عَلَيْكَ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهٗ يَا ابْنَ سَيِّدِ الْعَالَمِيْنَ وَعَلَى الْمُسْتَشْهَدِيْنَ مَعَكَ سَلَامًا
مُّتَّصِلًا مَّا اتَّصَلَ اللَّيْلُ وَالنَّهَارُ، اَلسَّلَامُ عَلَى الْحُسَيْنِ بْنِ عَلِيٍّ الشَّهِيْدِ، اَلسَّلَامُ عَلٰى عَلِيِّ بْنِ الْحُسَيْنِ
الشَّهِيْدِ، اَلسَّلَامُ عَلَى الْعَبَّاسِ بْنِ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ الشَّهِيْدِ، اَلسَّلَامُ عَلَى الشُّهَدَآءِ مِنْ وُّلْدِ اَمِيْرِ
الْمُؤْمِنِيْنَ، اَلسَّلَامُ عَلَى الشُّهَدَآءِ مِنْ وُّلْدِ الْحَسَنِ، اَلسَّلَامُ عَلَى الشُّهَدَآءِ مِنْ وُّلْدِ الْحُسَيْنِ، اَلسَّلَامُ
عَلَى الشُّهَدَآءِ مِنْ وُّلْدِ جَعْفَرٍ وَّعَقِيْلٍ، اَلسَّلَامُ عَلٰى كُلِّ مُسْتَشْهَدٍ مَّعَهُمْ مِنَ الْمُؤْمِنِيْنَ. اَللّٰهُمَّ صَلِّ عَلٰى
مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ وَّبَلِّغْهُمْ عَنِّىْ تَحِيَّةً كَثِيْرَةً وَّسَلَامًا، اَلسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللهِ اَحْسَنَ اللهُ لَكَ الْعَزَآءَ فِىْ
وَلَدِكَ الْحُسَيْنِ، اَلسَّلَامُ عَلَيْكِ يَا فَاطِمَةُ اَحْسَنَ اللهُ لَكِ الْعَزَآءَ فِىْ وَلَدِكِ الْحُسَيْنِ، اَلسَّلَامُ عَلَيْكَ يَآ اَمِيْرَ
الْمُؤْمِنِيْنَ اَحْسَنَ اللهُ لَكَ الْعَزَآءَ فِىْ وَلَدِكَ الْحُسَيْنِ، اَلسَّلَامُ عَلَيْكَ يَآ اَبَا مُحَمَّدٍ الْحَسَنَ اَحْسَنَ اللهُ لَكَ
الْعَزَآءَ فِىْ اَخِيْكَ الْحُسَيْنِ، يَا مَوْلَاىَ يَآ اَبَا عَبْدِ اللهِ، اَنَا ضَيْفُ اللهِ وَضَيْفُكَ وَجَارُ اللهِ وَجَارُكَ وَلِكُلِّ
ضَيْفٍ وَّجَارٍ قِرًى وَّقِرَاىَ فِىْ هٰذَا الْوَقْتِ اَنْ تَسْاَلَ اللهَ سُبْحَانَهٗ وَتَعَالٰٓى اَنْ يَّرْزُقَنِىْ فَكَاكَ رَقَبَتِىْ مِنَ النَّارِ
اِنَّهٗ سَمِيْعُ الدُّعَآءِ قَرِيْبٌ مُّجِيْبٌ

**માહે મોહર્રમમાં કરવાનાં મુસ્તહબ કાર્યોની યાદી:**

(૧) મોહર્રમના દિવસોમાં ૧ થી ૮ દિવસ સુધી રોઝા રાખવા. (૨) મોહર્રમની નવમી અને દસમી તારીખે ફાકા કરવા. (૩) યતીમ બાળકોના માથા પર હાથ ફેરવવો. (૪) આપસમાં સુલેહ કરવી અને કરાવવી. (૫) બીમારોના ખબરઅંતર પૂછવા. (૬) નિયાઝ પકાવવું, જમણ રાંધીને ખેરાત કરવું. (૭) આમિલ, આલિમની (મુરશિદની) ઝિયારત કરવી.

# હઝરત અનસ ઈબ્ને હારિસ અસદી (અ.)

- મૌલવી મોહંમદઅલી ભગત (બાદરપુર)

કરબલાના શહીદ. રસૂલલ્લાહ (સ.) અને ઈમામ હુસૈન (અ.)ના સહાબી.[1]

**હસબ–નસબ:**

આપ (અ.)નું પૂરું નામ અનસ ઈબ્ને હારિસ ઈબ્ને નબીયા ઈબ્ને કાહિલ ઈબ્ને અમ્ર ઈબ્ને સઅબ ઈબ્ને અસદ ઈબ્ને ખુઝૈમા અસદી કાહિલી છે. આપ (અ.)ના વાલિદ હારિસ ઈબ્ને નબીયા પણ રસૂલલ્લાહ (સ.)ના સહાબી હતા અને 'અસ્હાબે સુફ્ફા'[2]માંથી હતા.[3] હઝરત અનસ (અ.) ખૂબ મોટી ઉંમરના હતા, અને રસૂલલ્લાહ (સ.)ની સાથે જંગે બદ્ર અને જંગે હુનૈનમાં ભાગ લીધો હતો.[4]

**રસૂલલ્લાહ (સ.)થી સાંભળેલી હદીસ પર અમલ:**

અહલેસુન્નત અને શીઆના બધા જ આલિમો એ વાત પર એકમત છે કે આપ (અ.) રસૂલલ્લાહ (સ.)ના સહાબી હતા. અનસ ઈબ્ને હારિસ કાહિલી (અ.)થી રિવાયત છે કે, "મેં રસૂલલ્લાહ (સ.)ને ફરમાવતાં સાંભળ્યા છે કે, "મારા આ ફરઝંદ — એટલે કે હુસૈન (અ.)—ને કરબલા નામની જગ્યાએ શહીદ કરવામાં આવશે, તો તમારામાંથી જે તે સમયે હાજર હોય તે તેની મદદ કરે."[5]

મુહદ્દિસોનું કહેવું છે કે, "આ જ કારણે હઝરત અનસ ઈબ્ને હારિસ કાહિલી (અ.) કરબલા રવાના થયા અને હઝરત ઈમામ હુસૈન (અ.)ની સાથે શહીદ થયા."[6]

**શહાદત:**

રોઝે આશૂરા જ્યારે ઈમામ (અ.)થી જંગ કરવાની રજા મળી, તો આપ (અ.)એ પોતાની કમ્મરને પોતાના અમામાથી મજબૂતીથી બાંધી દીધી, પછી પોતાના રૂમાલથી પોતાની પાંપણોને બાંધી, કારણ કે વૃદ્ધ હોવાના કારણે આપ (અ.)ની આંખોની પાંપણો નીચી થઈ ગઈ હતી. આ જોઈને ઈમામ હુસૈન (અ.) રડવા લાગ્યા અને દુઆએ ખૈર આપી. પછી આપ (અ.) મેદાનમાં આવ્યા અને જંગ કરીને શહીદ થઈ ગયા.[7]

ઝિયારતે નાહિયા અને ઝિયારતે રજબીયામાં આપ (અ.) પર આ રીતે સલામ મોકલવામાં આવી છે:

اَلسَّلَامُ عَلٰی اَنَسِ بْنِ کَاهِلِ ِ الْاَسَدِیِّ

(સલામ થાય અનસ ઈબ્ને કાહિલ અસદી પર)

1 મુઅજમ રિજાલિલ હદીસ, જિલ્દ–૪, સફહા–૧૪૯

2 અસ્હાબે સુફ્ફા (ઓટલાવાળા): 'સુફ્ફા' મસ્જિદે નબવીમાં આવેલો એક ઓટલો હતો. નબી (સ.)એ ખજૂરીની ડાળીઓથી તેના પર છાંયડો કરવાનો હુકમ કર્યો હતો કે જેથી મુસલમાનોના ગરીબો અને મિસ્કીનો ત્યાં આશરો લઈ શકે. આમાં મોટાભાગે મુહાજિર હતા. રસૂલલ્લાહ (સ.) તેમનો એહતેરામ કરતા હતા, તેમને ખવડાવતા હતા, અને તેમના પર ખર્ચ કરતા હતા. આમની શાનમાં સૂરા બકરા, આયત–૨૭૩ પણ નાઝિલ થઈ છે. તેમની સંખ્યામાં મતભેદ છે, પરંતુ તેમાંથી ૪૦૦ની સંખ્યા વધારે યોગ્ય જણાય છે. (જુઓ: રિયાઝુસ્સાલિકીન, જિલ્દ–૪, સફહા–૨૭૩)

3 અલ–ઈસાબા ફી તમ્યીઝિસ્સહાબા, જિલ્દ–૧, સફહા–૬૯૩

4 તન્કીહુલ મકાલ, જિલ્દ–૧૧, સફહા–૨૩૦

5 ઉસ્દુલ ગાબા, જિલ્દ–૧, સફહા–૨૮૮

6 અલ–ઈસાબા ફી તમ્યીઝિસ્સહાબા, જિલ્દ–૧, સફહા–૨૭૧

7 તન્કીહુલ મકાલ, જિલ્દ–૧૧, સફહા–૨૩૦

# આપણા ઘરની વાતો


**ઈન્નાલિલ્લાહે...**



ઈલોલ (તલાવ)નિવાસી **મર્હૂમા મો.કુલસૂમબેન યાકૂબભાઈ નૂરભાણેજ** મુ.તા. ૧૨, રમઝાન-૧૪૪૭ તા.૦૧/૦૩/૨૦૨૬ને રવિવારના રોજ ૭૪ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. ⟶



⟵ મોલીપુરનિવાસી **મર્હૂમ મો.ગુલામહુસૈન વઝીરભાઈ સુથાર** મુ.તા. ૨૪, શવ્વાલ-૧૪૪૭ તા.૧૩/૦૪/૨૦૨૬ને સોમવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



જેઠીપુરાનિવાસી **મર્હૂમ મો.નશીરભાઈ ગુલામભાઈ ભટ્ટ** મુ.તા. ૨૭, શવ્વાલ-૧૪૪૭ તા.૧૬/૦૪/૨૦૨૬ને ગુરુવારના રોજ ૮૬ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶



⟵ કનાઈનિવાસી **મર્હૂમા મો.ઝહરાબેન ગુલામભાઈ દેધરોટીયા** મુ.તા. ૧૮, શાબાન-૧૪૪૭ તા.૦૬/૦૨/૨૦૨૬ને શુક્રવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમને ગરીકે રહમત કરે, અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

*રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "જેને એવા ઈલ્મ વિષે પૂછવામાં આવ્યું હોય કે જે તે જાણતો હોય તેમ છતાંય તેને છુપાવી દે, તો કયામતના દિવસે તેને આગની લગામથી બાંધવામાં આવશે."*[1]

*રસૂલલ્લાહ (સ.)એ એમ પણ ફરમાવ્યું છે કે, "જ્યારે મારી ઉમ્મતમાં બિદ્અત જાહેર થાય તો આલિમે પોતાના ઈલ્મને જાહેર કરવું જોઈએ, અને જેણે આવું ન કર્યું તો તેના ઉપર અલ્લાહની લાનત થશે."*[2]

---

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૨, સફ્હા–૮૭

2 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૨, સફ્હા–૮૭

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૦૦/- મો.શેહનાઝબેન અહમદઅલી ફત્તેહ (પીરોજપુરા) તરફથી વલીઅહદ પીર સૈયદ મોહંમદ મુન્તઝિમહુસૈન જાફરી (મદ્દે.)ની વિલાદતની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.ઝહીનાફાતેમા અબ્બાસઅલી કડીવાલા (સેદ્રાણા) તરફથી વલીઅહદ પીર સૈયદ મોહંમદ મુન્તઝિમહુસૈન જાફરી (મદ્દે.)ની વિલાદતની ખુશાલી પ્રસંગે.

રૂા.૩૦૦/- મૌલવી સાહેબ કમ્બરઅલી શરીફભાઈ દાવડા (કાટવાડ) તરફથી વલીઅહદ પીર સૈયદ મોહંમદ મુન્તઝિમહુસૈન જાફરી (મદ્દે.)ની વિલાદતની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- મૌલવી સાહેબ કમ્બરઅલી શરીફભાઈ દાવડા (કાટવાડ) તરફથી તેમના નવાસા મોહંમદસજ્જાદ ઈકરામઅલી ખાણુસિયાની જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૮૭૮૯/- મર્હૂમા મો.કુલસૂમબેન યાકૂબભાઈ નૂરભાણેજ (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે તેમના સગા-સંબંધીઓ તરફથી.

રૂા.૨૦૦૦/- મર્હૂમ મો.ગુલામહુસૈન વઝીરભાઈ સુથાર (મોલીપુર)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી.

રૂા.૫૦૦/- મર્હૂમ મો.તાહેરઅલી વઝીરભાઈ સુથાર (મોલીપુર)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મર્હૂમ મો.વઝીરભાઈ કરીમદ સુથાર (મોલીપુર)ની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.ગુલામહુસૈન વઝીરભાઈ સુથાર (મોલીપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.કનીઝફાતેમા મોહંમદઅલી સુથાર
રૂા.૧૦૦/- મો.કુલસૂમબેન મોહંમદઅલી સુથાર
રૂા.૧૦૦/- મો.ઝૈનબબેન ગુલામભાઈ સુથાર
રૂા.૧૦૦/- મો.સકીનાબેન મુશ્તાકભાઈ સુથાર
રૂા.૧૦૦/- મો.શીરીનબેન ગુલામભાઈ સુથાર
રૂા.૧૦૦/- મો.ફાતેમાબેન શબ્બીરભાઈ સુથાર
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન ગુલામહુસૈન સુથાર
રૂા.૧૦૦/- મો.મુનેરાફાતેમા આબિદઅલી સુથાર
રૂા.૧૦૦/- મો.મોહંમદઆદિલ આબિદઅલી સુથાર
રૂા.૫૦૦/- મો.શાકેરાબાનું આબિદઅલી સુથાર
રૂા.૧૦૦/- મો.ફિઝ્ઝાબાનું તાહેરઅલી સુથાર
રૂા.૨૦૦/- મો.આરેફાફાતેમા આબિદઅલી સુથાર
રૂા.૨૦૦/- મો.શબ્બીરઅલી ઈસ્માઈલભાઈ સુથાર
રૂા.૨૦૦/- મો.શબ્બીરઅલી વઝીરભાઈ સુથાર
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન શબ્બીરઅલી સુથાર
રૂા.૫૦૦/- મો.ફતેહઅલી શબ્બીરઅલી સુથાર

**મર્હૂમ મો.નશીરભાઈ ગુલામભાઈ ભટ્ટ (જેઠીપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- હાજી મોહંમદહુસૈન નશીરભાઈ ભટ્ટ
રૂા.૫૦૦/- હાજી હસનભાઈ ગુલામભાઈ ભટ્ટ
રૂા.૫૦૦/- મો.ફિઝ્ઝાબેન શબ્બીરઅલી ખાણશીયા (હરીપુરા)
રૂા.૫૦૦/- હાજીયાણી રાબિયાબેન મિસમઅલી રાજપુરા (કેશરપુરા)
રૂા.૫૦૦/- મો.શહરબાનું શેરઅલી વિજાપુરા
રૂા.૫૦૦/- હાજીયાણી સલમાબેન મોહંમદહુસૈન ભટ્ટ (પીંપોદર)
રૂા.૨૦૦/- હાજીયાણી શહરબાનું શબ્બીરઅલી માણશીયા
રૂા.૧૦૦/- મો.શીરીનબેન ઝુલ્ફિકારઅલી આગલોડીયા (પીંપોદર)
રૂા.૨૦૦/- મો.હુસૈનાબેન ઈસ્માઈલભાઈ વિજાપુરા

રૂા.૨૦૦/- મો.સકીનાઝૈનબ મહેરબાનઅલી વિજાપુરા (ઈમાનપુરા)
રૂા.૨૦૦/- મો.રાશેદાબેન મકબુલહસૈન વિજાપુરા
રૂા.૨૦૦/- મો.અનીસાબેન અકબરઅલી મસુ (મહેરપુરા)
રૂા.૨૦૦/- મો.આબેદાબેન મહદીઅલી વિજાપુરા
રૂા.૨૦૦/- મો.સાજેદાબેન કામયાબઅલી ખરોડીયા
રૂા.૨૦૦/- મો.અસ્મતફાતેમા અકબરહુસૈન ભટ્ટ
રૂા.૨૦૦/- મો.રહીમબેન દાવૂદભાઈ વિજાપુરા

**મર્હૂમા મો.ઝહરાબેન ગુલામભાઈ દેધરોટીયા (કનાઈ) ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- હાજી અબ્બાસભાઈ ગુલામભાઈ દેધરોટીયા
રૂા.૫૦૦/- હાજીયાણી ઝૈનબબેન અબ્બાસભાઈ દેધરોટીયા
રૂા.૨૦૦/- મો.ઈસ્માઈલહુસૈન અબ્બાસભાઈ દેધરોટીયા
રૂા.૨૦૦/- મો.તાહેરાબેન ઈસ્માઈલહુસૈન દેધરોટીયા
રૂા.૨૦૦/- મો.અઝીમહુસૈન ઈસ્માઈલહુસૈન દેધરોટીયા
રૂા.૨૦૦/- હાજી મોહંમદઅલી ઈસ્માઈલભાઈ વિજાપુરા (કિશોરગઢ)
રૂા.૨૦૦/- હાજીયાણી નજમાબેન મોહંમદઅલી વિજાપુરા (કિશોરગઢ)
રૂા.૨૦૦/- મો.મંઝૂરફાતેમા આબિદહુસૈન ભટ્ટ (ઈલોલ ત.)
રૂા.૨૦૦/- મો.આબિદહુસૈન મિક્દાદઅલી ભટ્ટ (ઈલોલ ત.)
રૂા.૧૦૦/- મો.મુનિસાફાતેમા મોહંમદસાદિક પટેલ (કિશોરગઢ)
રૂા.૨૦૦/- હાજી હૈદરઅલી નશીરભાઈ દેધરોટીયા
રૂા.૨૦૦/- હાજીયાણી કુલસૂમબેન હૈદરઅલી મસી
રૂા.૨૦૦/- મો.યાસીનભાઈ તૈયબભાઈ ગોદડ (વિરપુર)
રૂા.૨૦૦/- મો.કાઝિમભાઈ શરીફભાઈ ગોદડ (વિરપુર)
રૂા.૧૦૦/- મો.હાફિઝભાઈ ઈસ્માઈલભાઈ ગોદડ (વિરપુર)
રૂા.૧૦૦/- મો.ઝહરાબેન અબ્બાસભાઈ મસી

રૂા.૫૦૦/- મો.આબિદઅલી અબ્બાસ જગરાળા (રસૂલપુર (મે.)) તરફથી મર્હૂમ અબ્બાસ સુલેમાન જગરાળા તથા તેમના પરીવારના મર્હૂમોની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.આબિદઅલી અબ્બાસ જગરાળા (રસૂલપુર (મે.)) તરફથી તેમના દીકરા તાહિરઅબ્બાસે ધો.૧૦માં 87.66% મેળવી પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦૦/- મો.યાસીનભાઈ રહીમભાઈ મોલપીયા (દશાવાડા) તરફથી તેમની દીકરી શીરીનફાતેમાએ ધો.૧૦માં 82.33% મેળવી પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦૦/- મો.ઈશ્તિયાકઅલી ગુલામઅબ્બાસ લોઢા (હરીપુરા-ગાંધીનગર) તરફથી તેમની દીકરી આરેફાફાતેમાએ ધો.૧૦માં 91.66% મેળવી પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.હુસૈનાબાનું મંઝૂરઅલી મોમિન (દમણ-લેસ્ટર) તરફથી મર્હૂમા નૂરબાનું ફતેહભાઈ મોમિન (વસો)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.હુસૈનાબાનું મંઝૂરઅલી મોમિન (દમણ-લેસ્ટર) તરફથી શેરઅલી ગુલામહુસૈન ભગત (વસો) ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.હુસૈનાબાનું મંઝૂરઅલી મોમિન (દમણ-લેસ્ટર) તરફથી વલીઅહદ પીર સૈયદ મોહંમદ મુન્તઝિમહુસૈન જાફરી (મદ્દે.)ની વિલાદતની ખુશાલી પ્રસંગે.

## ગડમથલ નં.૩૯૭નો ઉકેલ

<u>આડી ચાવીઓ:</u> (૧) અલામત (૩) નવજુવાન (૭) બાબા (૮) ગદીર (૮) કા'બા (૯) લબ (૧૧) તાઝા (૧૨) ખલકત (૧૪) સદા (૧૫) રઝા (૧૭) લિખત (૧૯) ચાંદ (૨૦) વબા (૨૨) હમલ (૨૩) કદી (૨૪) અરબ (૨૫) કલમ (૨૭) ખાસા (૨૮) કલ (૨૯) આક (૩૦) તહઝીબ (૩૧) સદાકત <u>ઊભી ચાવીઓ:</u> (૧) અસરદાર (૨) મબલખ (૩) નબાતાત (૪) જુગ (૫) વાદી (૬) નરમાદા (૧૦) બલ (૧૩) કમ (૧૪) સરવર (૧૬) ઝાલિમ (૧૮) ખલક (૧૯) ચાંદી (૨૧) બાબરકત (૨૨) હસરત (૨૩) કમલ (૨૪) અસા (૨૬) લકબ (૨૭) ખામિસ